અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ એપ્રિલ ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર સુદ ૧૦ | અંક : ૨૫૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# અવધમાં ઘણા દાયકા બાદ રામ નવમીની ભવ્ય ઉજવણી

**રામ નવમીના અવસરે સૂર્ય તિલક તરીકે ઓળખાતા રામ લલ્લાની મૂર્તિના કપાળને સૂર્યપ્રકાશના કિરણથી અભિષેક કરવામાં આવ્યો**

**રામ મંદિર ખાતે તૈનાત દસ પ્રતિષ્ઠિત ભારતીય વૈજ્ઞાનિકોની ટીમે રામ નવમી પર આ શુભ પ્રસંગની સફળતાની ખાતરી આપી હતી**

**અરીસાઓ અને લેન્સના સંયોજનનો ઉપયોગ કરીને સૂર્યપ્રકાશ પ્રતિમાના કપાળ પર ચોક્કસ રીતે નિર્દેશિત કરવામાં આવ્યો**

। (એજન્સી) અયોધ્યા, તા.૧૭ ।


૧૭ એપ્રિલના રોજ સમગ્ર દેશમાં ભગવાન રામની જન્મ જયંતી ની ઉજવણી કરવામાં આવી હતી. અયોધ્યામાં રામ જન્મભૂમિ ખાતે ભગવાન રામની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ હતી. ભગવાન રામની જન્મભૂમિ અયોધ્યા ખાતે જાન્યુઆરીમાં આયોજિત ભવ્ય "પ્રાણ પ્રતિષ્ઠા" ઈવેન્ટ પછી પ્રથમવાર રામનવમીની ઉજવણી થઈ હતી. જે ઉજવણીના ભાગરૂપે 'સૂર્ય તિલક'ની એક અવકાશી ઘટના હાથ ધરવામાં આવી હતી, જેમાં થોડી મિનિટો માટે ભગવાન રામ લલ્લાના કપાળને પ્રકાશિત કરવામાં આવ્યું હતું. રામ નવમી નિમિત્તે બુધવારે વહેલી સવારથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાથી ઉમટયા હતા. ઉત્સવના ભાગરૂપે ભગવાન રામને ૫૬ ભોગનો પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. 'સૂર્ય તિલક' દરમિયાન ભક્તોને રામ મંદિરની અંદર જવાની પરવાનગી આપવામાં આવી હતી. મંદિર ટ્રસ્ટે આશરે ૧૦૦



LED સ્થાપિત કર્યા છે, જ્યારે સરકારે ૫૦ની સ્થાપના કરી છે, જે તમામ રામ નવમીની ઉજવણીના પ્રદર્શન માટે મુકાયા હતા. રામનવમીના તહેવાર નિમિત્તે અયોધ્યામાં શ્રધ્ધાળુઓના મોટા ધસારાની અપેક્ષામાં, ઉત્તર પ્રદેશ સરકારે શહેરમાં અને તેની આસપાસ સુરક્ષાના કડક પગલાં અમલમાં મૂક્યા હતા. અયોધ્યા રામ મંદિર ખાતે એક અનોખી પ્રથમવાર ઘટના બની હતી રામ નવમી નિમિત્તે બપોરના ૧૨:૦૦ વાગે ભગવાન રામના કપાળ પર સૂર્યના કિરણો જાણે અભિષેક કર્યો હોય તેમ દ્રશ્ય સર્જાયું હતું.

## સૂર્ય તિલક સમારોહ ચાલી રહ્યો હતો, જે બાદ મોદીએ રામલલાના સૂર્ય તિલકના દર્શન કરવાનો લહાવો મેળવ્યો

સમગ્ર દેશમાં રામનવમીનો તહેવાર ઉજવવામાં આવી. ત્યારે અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં ભગવાન રામલલાનું સૂર્ય તિલક કરવામાં આવ્યું હતું. જ્યારે રામ મંદિરમાં રામલલાનો સૂર્ય તિલક સમારોહ ચાલી રહ્યો હતો, ત્યારે પીએમ મોદી આસામના નલબારીમાં જનસભાને સંબોધિત કરી રહ્યા હતા. પરંતુ જનસભાને સંબોધિત કર્યા પછી તરત જ પીએમ મોદીએ આ અદ્ભુત ક્ષણે રામલલાને પોતાના ટેબ દ્વારા દર્શન કર્યા હતા. પીએમ મોદીએ પોતે આ માહિતી અને ફોટો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરીને શેર કર્યો છે. ખાસ વાત એ છે કે, જ્યારે પીએમ મોદી રામ લલ્લાના સૂર્ય તિલકની અદ્ભુત ક્ષણ જોઈ રહ્યા હતા, ત્યારે તેમના પગમાં ચંપલ નહોતા. પીએમ મોદીએ રામલલાના દર્શન કરીને પ્રણામ કર્યા હતા. પીએમ મોદીએ પોતાની પોસ્ટમાં કહ્યું કે, 'નલબારી સભા પછી મને અયોધ્યામાં રામલલાના સૂર્ય તિલકની અદ્ભુત અને અનોખી ક્ષણ જોવાનો સૌભાગ્ય મળ્યું છે. શ્રી રામ જન્મભૂમિની આ બહુપ્રતિક્ષિત ક્ષણ દરેક માટે આનંદની ક્ષણ છે. આ સૂર્ય તિલક વિકસિત ભારતના દરેક સંકલ્પને પોતાની દૈવી ઉર્જાથી આ રીતે પ્રકાશિત કરશે. જણાવી દઈએ કે, રામ નવમીના અવસરે બુધવારે અયોધ્યામાં અરીસા અને લેન્સથી બનેલી વિસ્તૃત મિકેનિઝમ દ્વારા રામલલાનું 'સૂર્ય તિલક' કરવામાં આવ્યું હતું.



## ન્યૂઝ બ્રિફ

### જલગાંવની કેમિકલ ફેક્ટરીમાં ૧૭ મજૂર આગની ઝપેટમાં આવતા મોત

। (એજન્સી) જલગાંવ, તા.૧૭ ।

મહારાષ્ટ્રના જલગાંવની એક કેમિકલ ફેક્ટરીમાં આગ લાગવાથી ૧૭ મજૂરના મોત નીપજ્યા. મળતી માહિતી અનુસાર ફેક્ટરીમાં હજુ પણ ઘણા મજૂર ફસાયેલા છે. આગ લાગવાથી મોટો ધડાકો થયો હતો. જે બાદ સમગ્ર ફેક્ટરીમાં આગ ફેલાઈ ગઈ. આગના કારણે ચારેબાજુ કાળા ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા. ઘટના સ્થળે ફાયર બ્રિગેડની ગાડીઓ પહોંચી ગઈ અને આગ પર કાબૂ મેળવવાના પ્રયત્ન ચાલુ છે.

### જ્યોર્જિયાના સાંસદો વચ્ચે છુટ્ટા હાથે મારામારી થઇ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ભારત સહિત ઘણા દેશોની સંસદમાં રાજકીય મતભેદોના કારણે શાસક અને વિપક્ષી પાર્ટીના સાંસદો વચ્ચે ઉગ્ર તડાફડી થતી હોય છે. ક્યારેક ધક્કા મુક્કી અને ઝપાઝપી સુધી પણ વાત પહોંચતી હોય છે. જોકે યુરોપના દેશ જ્યોર્જિયાની સંસદમાં તો સાંસદોએ તમામ મર્યાદાઓને નેવે મુકી દીધી હતી. સાંસદો છુટ્ટા હાથની મારામારી પર ઉતરી આવ્યા હતા. સંસદમાં વિવાદાસ્પદ વિદેશી એજન્ટ બિલ મંજૂરી માટે મુકવામા આવ્યુ હતુ.

**રાજકીય પક્ષોએ રેલી-રોડ શો, જનસભાઓ દ્વારા તાકાત લગાવી**

## લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના પ્રચાર પડઘમ શાંત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કાનો પ્રચાર બુધવાર (૧૭ એપ્રિલ, ૨૦૨૪) સાંજે ૬ વાગ્યે સમાપ્ત થયો, જ્યારે દિવસ દરમિયાન તમામ મુખ્ય રાજકીય પક્ષોએ રેલી-રોડ શો, જનસભાઓ દ્વારા પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિવસ દરમિયાન આસામના નલબારી પહોંચ્યા, જ્યાં તેમણે એક રેલીમાં કહ્યું કે ૪ જૂને પરિણામ શું આવવાનું છે તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આવી સ્થિતિમાં લોકો કહે છે- ૪ જૂન, ૪૦૦ પાર! ફરી એકવાર મોદી સરકાર. સવારે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને સપાના વડા અખિલેશ યાદવે દિલ્હીને અડીને આવેલા ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી, જે દરમિયાન તેઓએ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. આ સમય દરમિયાન, ઈન્ડિયા એલાયન્સ દ્વારા એક વીડિયો સોંગ પણ રિલીઝ કરવામાં આવ્યું હતું, જેમાં વર્ષ ૨૦૧૭ થી અત્યાર સુધી અખિલેશ યાદવ અને રાહુલ ગાંધીના એકસાથે વીડિયો અને ફોટા સામેલ છે. સામાન્ય ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કા હેઠળ, ૧૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ૨૧ સ્થળોએ કુલ ૧૦૨ બેઠકો પર મતદાન થશે.

## દુબઈના રણમાં વરસાદે તબાહી મચાવી, એરપોર્ટ પણ પાણીથી ભરાઈ ગયું

**સંયુક્ત આરબ અમીરાત અને તેની આસપાસના દેશોમાં મુશળધાર વરસાદ પડ્યો હતો**

। (એજન્સી) દુબઈ, તા.૧૭ ।

સંયુક્ત આરબ અમીરાત અને તેની આસપાસના દેશોમાં મુશળધાર વરસાદ પડ્યો હતો. સ્થિતિ એવી છે કે સંયુક્ત આરબ અમીરાતમાં દરેક જગ્યાએ પાણી જ પાણી દેખાય છે. પૂરના કારણે અનેક શહેરો જામ થઈ ગયા છે. એટલું જ નહીં પડોશી દેશ ઓમાનમાં ભારે વરસાદને કારણે આવેલા પૂરને કારણે ૧૮ લોકોના મોત થયા છે.

વરસાદના કારણે આવેલા પૂરની સૌથી વધુ અસર દુબઈના ટ્રાફિક પર પડી છે. માર્ગ અને હવાઈ વાહનવ્યવહાર પણ ખોરવાઈ ગયો છે. દુબઈ એરપોર્ટ પાણીથી ભરાઈ ગયું છે. આ પહેલા સોમવારે દુબઈ પોલીસે લોકોને ખરાબ હવામાન અંગે ચેતવણી આપ તી જાહેર સુરક્ષા એડવાઈઝરી જારી કરી હતી.



યુએઈના નેશનલ સેન્ટર ઓફ મીટીરોલોજી (એનસીએમ) એ જણાવ્યું કે મંગળવાર બપોરથી બુધવારની સવાર (૧૭ એપ્રિલ) સુધી ખરાબ હવામાનની બીજી લહેર પશ્ચિમી વિસ્તારોમાંથી શરૂ થઈ શકે છે અને દેશના ઘણા વિસ્તારોમાં ફેલાઈ શકે છે.ઓમાનના વિવિધ ભાગોમાં રવિવારે (૧૪ એપ્રિલ) અને સોમવાર (૧૫ એપ્રિલ)ના રોજ અચાનક પૂરને કારણે ઓછામાં ઓછા ૧૭ લોકોના મોત થયા હતા, એમ દેશની રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન સમિતિએ જણાવ્યું હતું. દેશના જુદા જુદા ભાગોમાં વિવિધ તીવ્રતા સાથે વરસાદ ચાલુ રહ્યો હતો.

બુધવાર સુધી હવામાન ખરાબ રહેવાની સંભાવના છે.ગયા વર્ષે નવેમ્બરમાં પણ દુબઈનું હવામાન બગડ્યું હતું. તોફાની વરસાદને કારણે શહેરમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ હતી કે પ્રશાસને લોકોને બીચ પર જવાની મનાઈ કરી દીધી હતી. ગરમ અને રણપ્રદેશના હવામાનમાં અચાનક આવેલા બદલાવથી વિશ્વભરના વૈજ્ઞાનિકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

**એક સપ્તાહની શાંતિ બાદ ફરી હિંસામાં વધારો થયો** | **અડધા વર્ષમાં એક સપ્તાહની શાંતિ બાદ ફરી હિંસામાં વધારો થયો**

## દક્ષિણ લેબનોનમાં ઈઝરાયેલના હુમલામાં હિઝબુલ્લાહ ફિલ્ડ કમાન્ડર સહિત ત્રણ માર્યા ગયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ઈરાનના ઈઝરાયેલ પર હુમલા બાદ મધ્ય પૂર્વમાં તણાવનું વાતાવરણ છે. દક્ષિણ લેબનોનમાં ઈઝરાયેલના હુમલામાં હિઝબુલ્લાહ ફિલ્ડ કમાન્ડર સહિત ત્રણ લોકો માર્યા ગયા છે. લેબનીઝ સુરક્ષા સૂત્રોએ જણાવ્યું હતું કે અડધા વર્ષમાં એક સપ્તાહની શાંતિ બાદ ફરી હિંસામાં વધારો થયો છે.

ઈઝરાયેલની સેનાએ કહ્યું કે દક્ષિણી શહેર આઈન એબેલ પાસે કાર પર થયેલા હુમલામાં માર્યા ગયેલા ઈસ્માઈલ બાઝ હિઝબુલ્લાહના તટીય વિસ્તારનો કમાન્ડર હતો અને ઈઝરાયેલ પર રોકેટ અને ટેન્ક વિરોધી મિસાઈલ હુમલાની યોજનામાં સામેલ હતો. હિઝબુલ્લાએ બાજના



મૃત્યુ પર શોક વ્યક્ત કરતું નિવેદન બહાર પાડ્યું છે.રોઈટર્સના જણાવ્યા અનુસાર, ઈઝરાયલી સૈન્ય દ્વારા મંગળવારે જાહેર કરાયેલા એક વીડિયોમાં ચાલતા વાહન પર હુમલાના એરિયલ ફૂટેજ દર્શાવવામાં આવ્યા છે. એક સુરક્ષા સ્રોત અને નાગરિક સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે દક્ષિણી શહેર ચેહબિયાહ નજીક બે વાહનો પર અલગ-અલગ ઈઝરાયેલી હુમલામાં ઓછામાં ઓછા બે હિઝબુલ્લાહ લડવૈયાઓ માર્યા ગયા હતા. તમને જણાવી દઈએ કે ૨૦૦૬માં મોટું યુદ્ધ લડ્યા બાદ હિઝબુલ્લાહ અને ઈઝરાયલે ગાઝા યુદ્ધની સમાંતર ગોળીબાર કર્યો હતો.

તે જ સમયે, મધ્ય ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં બાળકો સહિત ૧૧ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. પેલેસ્ટિનિયન આરોગ્ય અધિકારીઓ અને હમાસે જણાવ્યું હતું કે હુમલો અલ-મગાઝી શરણાથી શિબિરને નિશાન બનાવ્યો હતો. હોસ્પિટલના શબઘરમાં તેના પુત્ર મોહમ્મદના મૃતદેહ પાસે બેઠેલા વફા ઈસા અલ-નૌરીએ રડતા રડતા કહ્યું કે મારો ભાઈ દરવાજે બેઠો હતો, મારો ભાઈ હુમલામાં ઘાયલ થયો હતો અને તેનો પિતરાઈ ભાઈ પણ ઘાયલ થયો હતો.

મેં મારો પુત્ર ગુમાવ્યો, મારી પાસે ન તો ઘર છે કે ન તો પતિ. હવાઈ હુમલામાં અલ-નૌરીનો પતિ પણ માર્યો ગયો હતો. તેઓએ કહ્યું કે તે દરવાજા પાસે રમી રહ્યો હતો, અમે કંઈ કર્યું નથી.૭ મહિનાની લડાઈ પછી ગાઝામાં યુદ્ધવિરામ કરાર સુધી પહોંચવા માટે કતાર અને ઈજિપ્તની આગેવાની હેઠળની યુએસ-સમર્થિત વાટાઘાટોમાં હજુ પણ કોઈ સફળતાના સંકેત નથી, કારણ કે ઈઝરાયેલ અને હમાસ તેમની શરતોને વળગી રહ્યા છે.

**અમે સત્તામાં આવીશું તો CAA રદ કરીશું : ટીએમસી**

## ટીએમસીએ લોકસભા ચૂંટણી માટે પોતાનો ઢંઢેરો જાહેર કર્યો

। (એજન્સી) કોલકાતા, તા.૧૭ ।

પશ્ચિમ બંગાળની શાસક અને વિપક્ષ ભારત ગઠબંધનના સાથી પક્ષ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) એ આજે લોકસભા ચૂંટણી માટે પોતાનો ઢંઢેરો જાહેર કર્યો છે. મમતા બેનર્જીના નેતૃત્વવાળી પાર્ટીએ નાગરિકતા સંશોધન કાયદો (સીએએ) રદ કરવાનું અને દેશમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી) લાગુ ન કરવાનું વચન આપ્યું છે. ટીએમસીના સાંસદ ડેરેક ઓ બ્રાયને પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરતાં એવું કહ્યું કે જ્યારે ટીએમસી ભારત ગઠબંધનના ભાગ રૂપે કેન્દ્રમાં સરકાર બનાવશે ત્યારે અમે આ બધું કરીશું." સીએએ અને યુસીસી ઉપરાંત, ટીએમસીના ઢંઢેરામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) હેઠળ દૈનિક ભથ્થું વધારીને ૪૦૦ રૂપિયા પ્રતિ દિન કરવાનું વચન પણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત પાર્ટીએ તમામને પાકા મકાનો આપવાનું વચન પણ આપ્યું છે. આ ઉપરાંત પાર્ટીએ ગરીબી રેખા (બીપીએલ) હેઠળ જીવતા પરિવારોના ઘરઆંગણે રાશન પહોંચાડવાનું અને ૧૦ એલપીજી સિલિન્ડર વિના મૂલ્યે આપવાનું વચન આપ્યું છે.




સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

**ન્યૂઝ બ્રિફ**

## વલસાડના પારડી નેશનલ હાઇવે પર અકસ્માત થયો

। (એજન્સી) વલસાડ, તા.૧૭ ।

વલસાડ વલસાડના પારડી નેશનલ હાઈવે પર અકસ્માત થતાં એકનું મોત થયું હતું અને એક ગંભીર રીતે ઈજા પામ્યો છે. આ બનાવમાં ટ્રક ટ્રેલર સર્વિસ રોડ પર ધસી આવ્યો હતો. ટ્રેલરે પંચરના દુકાનદાર સહિત બેને કચડ્યા હતા. તેમા એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત થયું હતું. જ્યારે એક વ્યક્તિને ૧૦૮ની મદદથી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે બેફામ ટ્રક ચલાવનારા ટ્રક ચાલકની ધરપકડ કરી છે. અકસ્માતના પગલે સ્થાનિકો તરત જ દોડી આવ્યા હતા. તાત્કાલિક ૧૦૮ને બોલાવવામાં આવી હતી. તેની સાથે કેટલાયને તો અકસ્માતના સ્થળે જ સારવાર આપવા માં આવી હતી. ઘટનાની જાણ થવાના પગલે સ્થાનિક પોલીસ દોડી આવી હતી અને તેણે અકસ્માત ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. તેની સાથે મૃત્યુ પામેલાને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે.

## ભાવનગરમાં કિશોરી સાથે દુષ્કર્મ કરનારને ૨૦ વર્ષની સજા

। (એજન્સી) ભાવનગર, તા.૧૭ ।

ભાવનગરમાં દુષ્કર્મના આરોપીને ૨૦ વર્ષની સજા કરવામાં આવી છે. અઢી વર્ષ અગાઉ ઘોઘામાં બનેલા બનાવમાં ઘોઘા તાલુકાના પડવા ગામમાં એક શખ્સે નવ વર્ષની કિશોરી પર દુષ્કર્મ આચર્યું હતું. આ અંગેના કેસમાં કોર્ટે છેવટે આરોપીને પોક્સો હેઠળ દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને ૫૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આરોપી અજયસિંહ ગોહિલને કોર્ટે સજા ફટકારી છે. તેણે માસૂમ બાળા પર વિકૃત રીતે દુષ્કર્મ આચર્યું હતું. બાળકી સાથેના જાતીય દુર્વ્યવહાર સામે કોર્ટે આકરું વલણ અપનાવી દાખલો બેસાડ્યો છે, જેથી ભવિષ્યમાં બીજી કોઈ વ્યક્તિ આવું કૃત્ય કરતી અચકાય. ન્યાયાધીશે જણાવ્યું હતું કે આટલી નાની યુવતી સાથે તેને બળાત્કાર કરવાનો અને આટલો વિકૃત કૃત્ય કરવાનો આવેલો વિચાર આરોપીની મનોદશા બતાવે છે. આ આરોપી સમાજમાં હરતો ફરતો રહે તે સમાજ માટે અને સમાજમાં રહેતી બાળકીઓ માટે ઘણી ખતરનાક બાબત છે. તેથી તેને ફક્ત વર્તમાન ગુનાના સંદર્ભમાં જ નહીં તે ભવિષ્યમાં આવું કોઈ કૃત્ય કરી ન શકે તેના માટે અને આવી વિકૃતિ ધરાવતા બીજા લોકો પણ આવું કૃત્ય કરતા ફફડે તેના માટે આવી સજા કરમાવી છે. એક બાળકીનું જીવન બગાડીને કોઈ વ્યક્તિ સમાજમાં કઈ રીતે ખુલ્લો હરતો ફરતો રહી શકે.

### ઝાલોદ નગરમાં રામ જન્મોત્સવ અંતર્ગત આન બાન શાનથી ભગવાન શ્રી રામની શોભાયાત્રા કાઢવામાં આવી

# જય શ્રી રામ જય શ્રી રામના ગગનભેદી નારા સાથે આખું ઝાલોદ નગર ગુંજી ઉઠયું

**નગરના લોકોએ હાથમાં ભગવા સાથે તેમજ ભારતીય પહેરવેશ સાથે અનેરું આકર્ષણ ઉભું કર્યું**




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ભગવાન રામનો આ જન્મોત્સવ નગરના લોકો માટે વિશેષ છે કેમકે ભગવાન શ્રી રામને અંદાજીત ૫૦૦ વર્ષ પછી અયોધ્યા રામ જન્મભૂમિ ખાતે તંબુ માંથી મહેલમાં સ્થાન મળ્યું છે અને મહેલમાં સ્થાન મળ્યા બાદ આ પ્રથમ રામ જન્મોત્સવ હોવાથી રામજી ના ભક્તો માટે આ ઉત્સવ વિશેષ છે. રામનવમી આખા ઝાલોદ નગરમાં શ્રદ્ધા અને આસ્થા સાથે ચૈત્ર સુદ નોમના દિવસે ભક્તિ ભાવ સાથે ઉજવવામાં આવે છે. ભગવાન શ્રી રામે આદર્શ રામરાજ્યની સ્થાપના કરી હતી જેને આજે પણ સહુ ધાર્મિક ભાવના સાથે જોડાયેલ દરેક હિન્દુ લોકો યાદ કરે છે. રામનવમી હિન્દુ ધર્મનો સૌથી મોટો તહેવાર છે. વિષ્ણુના સાતમા અવતાર તરીકે હિન્દુ ધર્મનો સૌથી મહત્વનો તહેવાર ગણવામાં આવે છે.

આજરોજ તારીખ ૧૭-૦૪-૨૦૨૪ બુધવારના રોજ નગરના દરેક મંદિરોમાં બપોરે ૧૨ વાગે શ્રી રામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિશેષમાં ગીતા મંદિર ખાતે હવન તેમજ ભજન કિર્તન કરવામાં આવેલ હતા તેમજ ટીટોડી આશ્રમ ખાતે ભીલોડી રામાયણનુ આયોજન કરવામાં આવેલ હતું. ગીતા મંદિર ખાતે શ્રી રામ ભગવાનનો ભવ્ય રથ સજાવવામા આવેલ હતો ત્યાર બાદ રથમા બિરાજેલ શ્રી રામ ભાગવાનની મહાઆરતી કરી નગરના વિવિધ માર્ગો પર નીકળ્યો હતો.

નગરના રાજમાર્ગો પર ડી.જે ના તાલે જય શ્રી રામના ગગનભેદી નારા તેમજ હાથમાં ભગવો ધ્વજ લઈ યુવાઓ નાચતા ઝુમતા જોવા મળ્યા હતા. આખું નગર રથયાત્રા દરમ્યાન ભગવામય થઈ ગયેલ હતું. આખી શોભાયાત્રા ધાર્મિક વાતાવરણ વચ્ચે નીકળી હતી. નગરના દરેક માર્ગો પર રથયાત્રામાં જોડાયેલ લોકો માટે ઠંડા પાણી તેમજ ઠંડાપીણાની વ્યવસ્થા હિન્દુ સમિતિ દ્વારા કરવામાં આવી હતી. સનાતન હિન્દુ ધર્મ સમિતિ દ્વારા વિવિધ માર્ગો પર રામ ભગવાનની શોભાયાત્રા દરમ્યાન પુષ્પ વર્ષા પણ કરવામાં આવતી હતી.

સાંજ પછી થયેલ ઓછા લાઈટની વચ્ચે ડી.જે ની લાઈટ સાથે ભક્તિમય ભજનો પર દરેક લોકો નાચતા ઝુમતા જોવા મળતા હતા તેમજ રથયાત્રામાં જોડાયેલ દરેક લોકોમાં એક અનેરો ઉત્સાહ પણ જોવા મળતો હતો. શોભાયાત્રા દરમ્યાન ડી.જે લાઈટ તેમજ મોબાઈલની ફ્લેશ લાઈટની વચ્ચે ભગવા ધ્વજ સાથે નાચવાની યુવાનોમાં અલગ જ જોશ જોવા મળતો હતો. વિશેષમાં ૫૦૦ વર્ષ પછી અયોધ્યામાં રામજી ભગવાનને મહેલમાં સ્થાન મળ્યું એના પછી આ પહેલો જન્મ ઉત્સવ હોવાથી ભક્તોમા આનંદ જોવા મળતો હતો. રથયાત્રા દરમ્યાન સ્વેચ્છાએ અમુક બાળકો અને યુવાઓ દ્વારા અલગ અલગ ઝાંખીનુ પ્રદર્શન નયનરમ્ય લાગતું હતું. આ શોભાયાત્રા ટીટોડી આશ્રમ ખાતે પૂરી થતાં ત્યાં મહાઆરતી કરવામાં આવી હતી તેમજ નગરના સમસ્ત સનાતન હિન્દુ સંસ્કૃતિ સાથે સંકળાયેલ દરેક લોકો માટે મહાપ્રસાદનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું. આખી શોભાયાત્રા નગરમાં ખૂબ જ શાંતિ પૂર્વક ભક્તિ ભર્યા વાતાવરણમા સંપન્ન થઈ હતી. નગરના લોકો સ્વેચ્છાએ મોટા પ્રમાણમાં રથયાત્રા જોડે હિન્દુ એકતાનુ પ્રદર્શન કર્યું હતું. આ રથયાત્રામા મહિલાઓ, બાળકો, યુવાઓ, વડીલો ભારતીય પહેરવેશમા જોડાયા હતા.

ઝાલોદ પોલીસ દ્વારા રામનવમી નિમિત્તે નગરના દરેક માર્ગો પર આખો દિવસ પેટ્રોલીંગ કરી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વિશેષ તકેદારી રાખવામાં આવી હતી. રથયાત્રા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે નગરના માર્ગો પર ફરી હતી. ઝાલોદ પોલીસ દ્વારા રામજીની શોભાયાત્રા દરમ્યાન ડ્રોન કેમેરા, વિડિયો શૂટિંગ તેમજ સાદા વેશમાં પોલીસને રાખી યાત્રાની સુંદર સુરક્ષા વ્યવસ્થા સાચવી હતી.

### અમદાવાદ મંડળએ જનરલ મેનેજર એફિશિયન્સી શીલ્ડની લગાવી હેટ્રિક

# પ્રતિષ્ઠિત જનરલ મેનેજર શિલ્ડ સહિત કુલ ૧૦ એફિશિયન્સી શિલ્ડ મેળવીને રેકોર્ડ બનાવ્યો

**ડીઆરએમ શ્રી સુધીર કુમાર શર્મા અને વિજેતા વિભાગો વરિષ્ઠ અધિકારીઓનું અમદાવાદ આગમન પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું**





। અમદાવાદ, તા.૧૭ ।

પશ્ચિમ રેલવેનો ૬૯મો રેલવે વીક એવોર્ડ સમારંભ વાય.બી. ચવ્હાણ ઓડિટોરિયમ, ચર્ચગેટ, મુંબઈ ખાતે આયોજીત કરવામાં આવ્યો હતો. આ રેલ સપ્તાહની ઉજવણી દરમિયાન, અમદાવાદ મંડળએ સતત ત્રીજી વખત પશ્ચિમ રેલ્વેના પ્રતિષ્ઠિત જનરલ મેનેજર એફિશિયન્સી શિલ્ડ જીતીને હેટ્રિક હાંસલ કરી અને કુલ ૧૦ એફિશિયન્સી શિલ્ડ મેળવીને નવો રેકોર્ડ બનાવ્યો.જેના લીધે ડિવિઝનલ રેલવે મેનેજર સુધીરકુમાર શર્મા તથા વિજેતા વિભાગોના ઉચ્ચ અધિકારીઓનું અમદાવાદ સ્ટેશન ખાતે ઢોલ-નગારા અને ફૂલહારથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ અમદાવાદ ખાતે આવતા તેમનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરે એફિશિયન્સી શિલ્ડ સહિત ૨૭માંથી મહત્તમ ૧૦ એફિશિયન્સી શિલ્ડ મેળવીને છ મંડળ અને ૩ કારખાના માં પ્રથમ સ્થાન મેળવીને અમદાવાદ ડિવિઝનને ગૌરવ અપાવ્યું છે.

આ માહિતી આપતાં ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ જણાવ્યું હતું કે અમારો ઉદ્દેશ્ય હંમેશા મુસાફરોની સલામતી અને ઉચ્ચ ધોરણો સાથે વધુ સારી સુવિધાઓ પ્રદાન કરવાનો છે. આ વર્ષે, પશ્ચિમ રેલ્વે પરના અમદાવાદ ડિવિઝનને જનરલ મેનેજર એફિશિયન્સી શિલ્ડ સહિત કુલ ૧૦ શ્રેષ્ઠ પ્રદર્શન શિલ્ડ મેળવવાનું સન્માન છે. આમાં ડિવિઝનને શ્રેષ્ઠ પ્રદર્શન માટે સિવિલ એન્જિનિયરિંગ શિલ્ડ,લેવલ ક્રોસિંગ એલિમિનેશન માટે બેસ્ટ રોડ સેફ્ટી ઈન્ટર ડિવિઝન શિલ્ડ, કાંકરિયા ડેપોને સ્વર્ણ જયંતિ રાજધાની એક્સપ્રેસની શ્રેષ્ઠ જાળવણી માટે શ્રેષ્ઠ જાળવણી શિલ્ડ અને EnHM ટ્રોફી મેળવવાનું સન્માન મળ્યું છે. તેમજ આંતર વિભાગીય સ્વચ્છતા શિલ્ડ (વાણિજ્ય શાખા) વડોદરા મંડળ સાથે, શ્રેષ્ઠ લોડીંગ પ્રયત્ન શિલ્ડ રાજકોટ મંડળ સાથે, શ્રેષ્ઠ સ્ક્રેપ મોબિલાઈઝેશન શીલ્ડ ભાવનગર મંડળ સાથે, સિગ્નલ અને ટેલિકોમ શિલ્ડ મુંબઈ મંડળ સાથે અને સર્વે ર કન્સ્ટ્રકશન શિલ્ડ નિર્માણ વિભાગ અમદાવાદને પ્રાપ્ત થયેલ છે. જે મંડળ માટે નોંધપાત્ર સિદ્ધિ છે.

ડીઆરએમ શ્રી સુધીર શર્માએ આ સિધ્ધિ બદલ તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા અને તમામ રેલવે કર્મચારીઓને તેમની કામગીરીના ઉચ્ચ ધોરણો જાળવવા અને ડિવિઝનને વધુ ઉંચાઈએ લઈ જવા અને મુસાફરોના લાભાર્થે ખંતપૂર્વક કામ કરવા અપીલ કરી હતી.

# કારચાલક વળવાની ગલી ચૂકી જતાં કાબૂ ગુમાવ્યો, બે કોન્સ્ટેબલને અડફેટે લીધા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

સિંધુભવન રોડ પર સોમવારે રાત્રે ટ્રાફિક પોલીસ તહેનાત હતી. ત્યારે રાત્રે પોણા બે વાગ્યે બે પોલીસ કોન્સ્ટેબલ ગોટીલા ગાર્ડન પાસે હાજર હતા. ત્યારે એક કારચાલક પુરઝડપે કાર હંકારીને આવતા બંને કોન્સ્ટેબલના વાહનને ટક્કર મારતા તે બંને હવામાં ફંગોળાઈને ગાડીના બોનેટ પર પટકાયા હતા. જેને લઈને એન ડિવિઝન ટ્રાફિક પોલીસે ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડી આરોપી કારચાલકની ધરપકડ કરી છે. પોલીસનું કહેવુ છે કે કારચાલકને એક ગલીમાં વળવાનું હતું પણ તે ગલી ચૂકી જતા સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી બેસતા આ ઘટના બનવા પામી હતી. વેજલપુરમાં રહેતા હિતેશકુમાર સોલંકી એન ડિવિઝન ટ્રાફિક પોલીસસ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. સોમવારે રાત્રે ૧૦થી વહેલી સવારે ૪ સુધી સિંધુભવન રોડ પર આવેલા જાજરમાન ચાર રસ્તા પર તેમની ફરજ હતી. રાત્રે પોણા બે વાગ્યે પેટ્રોલીંગ કરતા કરતા તે ગોટીલા ગાર્ડન પાસે પહોંચ્યા ત્યારે તે પોઈન્ટ પર કોન્સ્ટેબલ અનિશ યાકુબખાન મળતા હિતેશકુમાર પાણી પીવા રોકાયા હતા. તે દરમિયાનમાં સિંધુભવન ચાર રસ્તા તરફથી એક કારનો ચાલક પુરઝડપે ગાડી હંકારીને આવ્યો અને બંને પોલીસ કમીના વાહનને ટક્કર મારી હતી.

જેમાં બંને પોલીસ કોન્સ્ટેબલ ઉછળીને કારના બોનેટ પર પટકાયા હતા અને કાર દિવાલ સાથે અથડાઈને ઉભી રહી ગઇ હતી. બંને પોલીસ કમીઓને હાથ અને પગના ભાગે ઈજાઓ પહોંચી હતી. ત્યાં રાત્રે રસ્તે જતા લોકોએ કાર ચાલક જયદીપ ઝાલા (ઉ.૨૧, રહે. પારિજાત આવાસ યોજના, બોડકદેવ) ને પકડીને પોલીસને સોંપ્યો હતો. એન ડિવિઝન ટ્રાફિક પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપી કારચાલક જયદીપ ઝાલાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. મોડી રાત્રે બનેલી આ ઘટનાને લઈને ફરિયાદ નોંધી બંને પોલીસ કોન્સ્ટેબલને સારવાર માટે ખસેડ્યા છે. કારચાલકની પૂછપરછ કરતા તે તેના મામાના ઘરેથી ગાડી લઈને બનાવ સ્થળ પાસે આવેલા તેના ઘરે જતો હતો. એકતરફના રોડ પર એએમસી દ્વારા કામ ચાલતુ હોવાથી તેને જે ગલીમાં વળવાનું હતું તે ગલી ચૂકી જતા કાબુ ગુમાવી બેઠો હતો. તેણે કોઈ નશો કર્યો છે કે કેમ તે બાબતની તપાસ માટે મેડિકલ ટેસ્ટ કરાવ્યા છે.

### ડાયમંડ બોર્સમાં ૯ ટાવર છે, જેમાં ૪૨૦૦ ઓફિસો છે

# સુરતના ડાયમંડ બુર્સને લોકો ભૂતિયા બિલ્ડીંગ કહેવા લાગ્યા

**સુરત શહેરના ખાજોદ વિસ્તારમાં સરકારના ડ્રીમ સિટી પ્રોજેક્ટ હેઠળ સુરત ડાયમંડ બોર્સ બિલ્ડિંગ બનાવવામાં આવ્યું છે**



। (એજન્સી) સુરત, તા.૧૭ ।

એક સમય હતો જ્યારે અમેરિકાની પેન્ટાગોન બિલ્ડીંગ વિશ્વની સૌથી મોટી ઈમારતનું બિરુદ ધરાવતું હતું. પરંતુ, હવે આ ટાઈટલ સુરત ડાયમંડ બુર્સમાં આવી ગયું છે. આ ઈમારતનું ઉદ્ઘાટન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લગભગ અઢી મહિના પહેલા કર્યું હતું. જો કે હવે લોકો આ ઈમારતને ભૂતિયા કહેવા લાગ્યા છે.વાસ્તવમાં, આ બિલ્ડિંગમાં ૪૨૦૦ ઓફિસો છે, જે કોઈ કારણોસર હજુ સુધી શરૂ થઈ નથી. આ જ કારણ છે કે લોકો તેને ભૂતિયા બિલ્ડીંગ કહેવા લાગ્યા છે. જો કે, સુરત ડાયમંડ બુર્સનું મેનેજમેન્ટ આ વાતને નકારી રહ્યું છે અને કહી રહ્યું છે કે બિલ્ડિંગ શરૂ થાય તે માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યાં છે. સુરત શહેરના ખાજોદ વિસ્તારમાં સરકારના ડ્રીમ સિટી પ્રોજેક્ટમાં સુરત ડાયમંડ બોર્સ બિલ્ડીંગ બનાવવામાં આવી છે. સુરત ડાયમંડ બોર્સમાં ૯ ટાવર છે, જેમાં ૪૨૦૦ ઓફિસો છે. આ સુરત ડાયમંડ બોર્સ બનાવવા માટે સુરત અને મુંબઈના હીરાના વેપારીઓએ એડવાન્સ બુકિંગ કરાવ્યું હતું. આ પછી અહીં બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું.વિશ્વની સૌથી મોટી ઈમારત, સુરત ડાયમંડ બોર્સ, લગભગ રૂ. ૪૦૦૦ કરોડના ખર્ચે બનાવવામાં આવી હતી. આ ઈમારત તૈયાર કરતી વખતે ભારતીય વાસ્તુશાસ્ત્રને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યું હતું. અહીં બનેલા ૯ ટાવરમાંથી દરેક ટાવરમાં ૧૩મો માળ ખાલી રાખવામાં આવ્યો છે, કારણ કે ૧૩મો માળ અશુભ માનવામાં આવે છે.આટલું કરવા છતાં વિશ્વની સૌથી મોટી બિલ્ડીંગ સુરત ડાયમંડ બોર્સમાં એડવાન્સ બુકિંગ કરાવનારા હીરાના વેપારીઓ હજુ સુધી પોતાની ઓફિસ શરૂ કરી શક્યા નથી.

## ગરાડુથી આવતા મહિલાનું બાઇકની અડફેટે આવતા સારવાર દરમ્યાન મોત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ નગરના રણીયાર મુકામે રહેતા નરસીંગ હરજી ભાભોર ૧૪-૦૪-૨૦૨૪ ના રોજ આસરે સાંજે પાંચ વાગ્યા પછી તેમની દીકરી સરોજને તેમના સાસરીમાં નવી એક્ટિવા લાવેલ તેની મીઠાઈ આપવા ગરાડુ મુકામે બે મોટર સાયકલ એક નવી એક્ટિવા અને બીજી હોન્ડા કંપનીની ડીઓ જેનો નંબર GJ-29-BE-8749 લઈને ગયેલ હતા. મીઠાઈ આપીને પરત આવતા નરસીંગભાઈ પોતાની નવી એક્ટિવા ચલાવતા હતા અને તેમની દીકરી કાજલ હોન્ડા કંપનીની ડીઓ ગાડી ચલાવતી હતી. રાત્રિના અંદાજીત આઠ વાગે ઝાલોદ તરફ આવતા એક ગાડી પૂરપાટ દોડી પાછળથી આવી તેમની દીકરી કાજલની ગાડીને પાછળ થી ટક્કર મારી હતી ટક્કર મારતાં કાજલબેન રોડ પર ફંગોળાઈ ગયેલ હતી. નરસિંગભાઈએ જે ગાડી એ ટક્કર મારી હતી તે ગાડીને ઓળખી ગયેલ હતા. આ સફેદ કલરની મોટર સાયકલ જેનો નંબર GJ-02-CL-7844 તેમના સંબંધી અનિલભાઈ ભાથુભાઈ સેલોતની હતી તેવું જણાવેલ હતું. ઘાયલ પાયલબેનને સારવાર માટે ઝાલોદ સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલ હતા. પાયલબેનની તબિયત સારી ન રહેતા તેઓને વધુ સારવાર માટે દાહોદ સૈફી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવેલ હતા. જાણવા મળેલ માહિતી મુજબ હાલ પાયલબેનનુ સારવાર દરમ્યાન મોત થઈ ગયેલ છે જેથી તે અંતર્ગત પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

### ઈન્સ્ટાગ્રામની રીલ જોઈ ટુર બુક કરાવશો નહીં

# સોશિયલ મીડિયાના માધ્યમથી બાલીનું કપલ પેકેજ બુક કરાવવાની ભૂલ યુવકને ભારે પડી

**ભેજાબાજે પેકેજના રૂપિયા ૧.૧૮ લાખ ઓનલાઈન મેળવી લીધા પછી ફોન બંધ કરી દીધા**

। (એજન્સી) સુરત, તા.૧૭ ।

સોશિયલ મીડિયાના જમાનામાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ જેવા પ્લેટફોર્મ પર અનેક જાહેરાતો આવતી હોય છે. ઈન્સ્ટાગ્રામ રીલ્સ પર ખાસ કરીને ટુર પેકેજની લોભામણી જાહેરાતો જોવા મળતી હોય છે. આવી જ જાહેરાત જોઈ ઈન્ડોનેશિયાના બાલીનું કપલ પેકેજ બુક કરાવવાની ભૂલ કતારગામના યુવકને ભારે પડી છે.

કતારગામ વિસ્તારમાં રહેતો મોબાઈલ એસેસરીઝનો વેપારી સોશીયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ ઉપર વિદેશ ટૂરની ઈન્ટરવલ ટ્રાવેલ કંપનીની જાહેરાત જાઈ ઈન્ડોનેશિયાના બાલી ફરવા માટે કપલ પેકેજ બુક કરાવ્યું હતું. ભેજાબાજે પેકેજના રૂપિયા ૧.૧૮ લાખ પડાવી લીધા બાદ ફોન બંધ કરી દીધા હતા.



વેપારીને તેની સાથે ઓનલાઈન સાયબર ક્રાઈમ ળોડનો ભોગ બન્યા હોવાનો ખ્યાલ આવતા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ કતારગામ કંતારેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં નારાયણનગર સોસાયટીમાં રહેતા ૨૬ વષીય મીત રસીકલાલ ચૌહાણ ઘરેથી મોબાઈલ એસેસીરીઝનો વેપાર ધંધો કરે છે. મૂળ બનાસકાંઠાના સુઈગામ તાલુકાના ભરડવા ગામના વતની મીત ગઈ તા ૬ જુન ૨૦૨૩ના રોજ પોતાના મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ ઓપન કરી જોઈ રહ્યો હતો. તે વખતે ઈન્ટરવલ ટ્રાવેલ કંપનીના નામે વિદેશ ટુર તથા ઈન્ડિયા ટુરની જાહેરાત જોઈ હતી. ત્યાર પછી મીત ચૌહાણે ઈન્ડોનેશિયાના બાલી ખાતે ફરવા જવા માટે ઈન્ટરવલ ટ્રાવેલ્સ કંપની વોટ્સઅપ નંબર કોલ કરી ઈન્ડોશિયાના બાલીનું ૬ રાત્રી અને ૭ દિવસવાળુ કપલ પેકેજ સિલેક્ટ કર્યું હતું અને તેના રૂપિયા ૧.૧૮ ઓનલાઈન કંપનીના બેન્કના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. પૈસા પડાવી લીધા બાદ કંપની દ્વારા તેના મોબાઈલ ઉપાડવાના બંધ કરી દીધા હતા. મીતને ખ્યાલ આવી ગયો કે તેની સાથે છેતરપિંડી કરવામાં આવી છે.

**ન્યૂઝ બ્રિફ**

## ભાજપના દિગ્ગજ મહિલા નેતા પોતાના નિવેદન પર ઘેરાયા

। (એજન્સી) અમરાવતી, તા.૧૭ ।

મહારાષ્ટ્રના અમરાવતી લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર નવનીત રાણા તેમના એક નિવેદન અંગે મુશ્કેલીમાં મૂકાયા છે. તેમણે કહ્યું કે એવા ભ્રમમાં ન રહેશો કે મોદીની હવા છે, લહેર છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મોદી લહેર હતી. જોકે હવે નવનીત રાણાનું આ નિવેદન વાયરલ થઈ રહ્યું છે. નવનીત રાણાએ જે નિવેદન આપ્યું તેનો વીડિયો ઝડપ થી વાયરલ થઈ રહ્યો છે. તે વીડિયોમાં કહેતા સંભળાય છે કે આપણે આ ચૂંટણી એવી રીતે લડવી પડશે જેમ આ કોઈ ગ્રામ પંચાયતની ચૂંટણી હોય. આપણે ૧૨ વાગ્યા સુધીમાં તમામ મતદારોને બૂથ સુધી લાવવા પડશે અને તેમને મતદાન કરવા કહેવું પડશે. ભ્રમમાં ન રહેશો કે મોદી લહેર છે. ૨૦૧૯માં મોદી લહેર હતી. તેમની પાસે સંસાધન હતા પણ તેમ છતાં હું એક અપક્ષ ઉમેદવાર તરીકે જીતી હતી. ઉલ્લેખનીય છે કે નવનીત રાણાએ ગત લોકસભા ચૂંટણી એનસીપીના સમર્થનથી જીતી હતી. ત્યારે એનસીપીના ભાગલા નહોતા પડ્યા. આ દરમિયાન ઉદ્ધવની શિવસેના યુબીટીએ કહ્યું કે નવનીત રાણા સાચુ બોલી રહ્યા છે. આવી જ પ્રતિક્રિયા એનસીપી શરદ ચંદ્ર પવારના પ્રવક્તા મહેશ તપસેએ આપી હતી. તેમણે કહ્યું કે ભાજપને ખબર પડી ગઈ છે કે હવે મોદી લહેર નથી.

## તેમનો ઈરાદો સલમાનને ડરાવવાનો હતો, તેની હત્યા કરવાનો નહોતો

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

સલમાન ખાનના ઘર બહાર ફાયરિંગ કરનારા બે આરોપીઓ વિક્કી ગુપ્તા અને સાગર પાલે આખરે ગોળી ચલાવવાને લઈને ભેદ ખોલી નાખ્યો છે. આરોપીઓએ પોલીસ પૂછપરછમાં એવો ઘટસ્ફોટ કર્યો કે તેમનો ઈરાદો સલમાન ખાનને ડરાવી નાખવાનો હતો, તેની હત્યા કરવાનો નહોતો. બંનેને સલમાન ખાનને ડરાવવા માટે એક લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા અને બાકીના ત્રણ લાખ રૂપિયા કામ પૂરું થયા બાદ આપવાના હતા. ગેંગસ્ટર લોરેન્શ બિશ્નોઈના ભાઈ અણમોલ બિશ્વોઈએ બન્નેને સલમાનના ઘર બહાર ફાયરિંગનું કામ સોંપ્યું હતું. બન્નેએ એવું કહ્યું કે અનમોલે કહ્યું હતું કે, સલમાન ખાનના ઘરે બંને બુલેટ ચલાવવામાં સફળ થશે તો તેઓ માત્ર ફેમસ જ નહીં થાય, પરંતુ યોગ્ય ઈનામ પણ આપ વામાં આવશે. આરોપીઓએ જણાવ્યું છે કે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઇના ભાઈ અનમોલે બંનેને નોકરી પર રાખ્યા હતા. તેઓ સલમાન ખાનને ૧૯૯૮ના જોધપુરના કાળા હરણના શિકાર કેસમાં સજા આપવા માગે છે.

### અમેરિકાએ આપી પ્રતિક્રિયા

# ભારત-પાકિસ્તાનને તણાવ ઘટાડવા અને વાતચીત દ્વારા ઉકેલની યુએસની વિનંતી

### પીએમ અને રક્ષા મંત્રીના કથિત નિવેદન પર અમેરિકાએ પ્રતિક્રિયા આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।



ભારત અને પાકિસ્તાનના સંબંધોને લઈને અમેરિકા તરફથી એક નિવેદન સામે આવ્યું છે. હવે પીએમ નરેન્દ્ર મોદી અને રક્ષા મંત્રી રાજનાથ સિંહના કથિત નિવેદન પર અમેરિકાએ પ્રતિક્રિયા આપી છે. રાષ્ટ્રપતિ જો બિડેનના વહીવટીતંત્રે કહ્યું કે યુએસ આ મુદ્દામાં હસ્તક્ષેપ કરશે નહીં, જોકે તેણે ભારત અને પાકિસ્તાનને તણાવ ઘટાડવા અને વાતચીત દ્વારા ઉકેલ શોધવા વિનંતી કરી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે પત્રકારો સાથે વાત કરતા આ વાત કહી. તેમને આતંકવાદીઓને ખતમ કરવા માટે અન્ય દેશોમાં ભારતના કથિત ઓપ રેશન વિશે પૂછવામાં આવ્યું હતું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે કેનેડામાં ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની કથિત હત્યા, ન્યૂયોર્કમાં પન્નુની હત્યાનું કાવતરું અને પાકિસ્તાનમાં થયેલી હત્યાઓના સંદર્ભમાં મોદી અને સિંહના નિવેદનોને કબૂલાત તરીકે જોઈ શકાય છે. આના પર તેમણે કહ્યું કે આ અમેરિકાનો મામલો નથી અને અમેરિકા આના પર કંઈ નહીં બોલે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે અમેરિકા તેમાં સામેલ થશે નહીં પરંતુ ભારત અને પાકિસ્તાન બંનેને તણાવ ટાળવા અને વાતચીત દ્વારા ઉકેલ શોધવા વિનંતી કરે છે. આપને જણાવી દઈએ કે આ મહિનાની શરૂઆતમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું કે જો આતંકવાદીઓ દેશમાં શાંતિ ભંગ કરવાની અથવા આતંકવાદી ગતિવિધિઓ કરવાની હિંમત કરશે તો તેમને સજા કરવામાં આવશે. જવાબ આપવામાં આવશે.

### ભારતમાં છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧ માં હાથ ધરવામાં આવી હતી

# ભારતની કુલ વસ્તી UNના રિપોર્ટ મુજબ ખુલાસો, ચીનને પાછળ છોડ્યું

### ભારતની વસ્તી ૧૪૪ કરોડ થઈ ગઈ છે : આમાં ૨૪ ટકા જેટલી વસ્તી ૦ થી ૧૪ વર્ષથી ઓછી વયની છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।




યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડે ભારતનો તાજેતરનો વસ્તી અહેવાલ જાહેર કર્યો, ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની ગયો. ભારતમાં છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧ માં હાથ ધરવામાં આવી હતી. જોકે તે સમયે ભારત ચીન પછી બીજા નંબરનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ હતો અને દેશની વસ્તી ૧૨૧ કરોડ હતી. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) એ ભારતનો તાજેતરનો વસ્તી અહેવાલ જાહેર કર્યો છે. જે મુજબ ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની ગયો છે. વાત જાણે એમ છે કે, અહેવાલ મુજબ ભારતની વસ્તી ૧૪૪ કરોડ થઈ ગઈ છે. આમાં ૨૪ ટકા વસ્તી ૦ થી ૧૪ વર્ષથી ઓછી વયની છે. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA)એ ભારતનો તાજેતરનો વસ્તી અહેવાલ જાહેર કર્યો છે. રિપોર્ટમાં એવો પણ અંદાજ લગાવવામાં આવ્યો છે કે, આવનારા ૭૭ વર્ષમાં ભારતની વસ્તી બમણી થઈ જશે. વસ્તીની સાથે રિપોર્ટમાં નવજાત બાળકોના મૃત્યુ, મહિલાઓની સ્થિતિ અને LGBTQ વગેરેનો ડેટા પણ આપવામાં આવ્યો છે. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ભારતમાં માતૃ મૃત્યુમાં મોટો ઘટાડો થયો છે.



કોલકાતામાં રામ નવમી તહેવાર નિમિત્તે ભક્તો દ્વારા શોભા યાત્રા કાઢવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતાં.

### ટીમ ઈન્ડિયાની નવી ઓપનિંગ જોડી!

# ટી૨૦ વિશ્વકપમાં વિરાટ અને રોહિત કરી શકે છે ઓપનિંગ

। નવી દિલ્હી, તા.૧૭ ।



ટીમ ઈન્ડિયા આઈપીએલ બાદ સીધી ટી૨૦ વિશ્વકપ રમવા જવાની છે. થોડા દિવસમાં આ માટે મુખ્ય પસંદગીકાર અજીત અગરકર ટીમની જાહેરાત પણ કરશે. કહેવામાં આવી રહ્યું છે કે આઈપીએલમાં પ્રદર્શનના આધારે કેટલાક ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે. આ પહેલા એક મોટા સમાચાર પણ સામે આવ્યા છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ટી૨૦ વિશ્વકપમાં રોહિત શર્મા ટીમની કમાન સંભાળશે. આ સાથે રોહિત શર્મા ઈનિંગની શરૂઆત પણ કરે છે. તેની સાથે યશસ્વી જયસ્વાલ ઓપનિંગ કરે તેવી શક્યતાઓ હતી. પરંતુ હવે સામે આવેલી માહિતી પ્રમાણે ટી૨૦ વિશ્વકપમાં રોહિત શર્માની સાથે યશસ્વી જયસ્વાલ ઈનિંગની શરૂઆત કરશે નહીં.

### સરહદે તહેનાત કર્યા બ્રહ્માસ્ત્ર

# ઈઝરાયલના વળતા જવાબની આશંકાઓ સામે ઈરાન તૈયાર

### બેન્જામીન નેતન્યાહૂએ સોમવારે બે વખત વોર કેબિનેટની મીટીંગ બોલાવી હતી તે પરથી અંદાજ આવે છે કે તેઓ કેટલા ચિંતાગ્રસ્ત છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।



ઈઝરાયલ પર ઈરાને કરેલા ડ્રોન હુમલાને ૩ દિવસ વીતી ગયા છે પરંતુ હજી ઈઝરાયલ વળતો પ્રહાર નથી કરી શક્યું. તેની યુદ્ધ કેબિનેટની મીટીંગો ચાલી રહી છે અને હુમલાની રણનીતિ રચી રહી છે. બેન્જામીન નેતન્યાહૂએ સોમવારે બે વખત વોર કેબિનેટની મીટીંગ બોલાવી હતી. તે પરથી અંદાજ આવે છે કે તેઓ કેટલા ચિંતાગ્રસ્ત છે. ઈઝરાયલની સેનાના વડાએ કહ્યું છે કે આ સપ્તાહના અંત સુધીમાં ઈઝરાયલ ઈરાનના હુમલાનો જવાબ આવશે. જોકે ઘણાએ પશ્ચિમી દેશો ઈઝરાયેલને મધ્યપૂર્વમાં સંઘર્ષ નહીં વધારવા દબાણ કરી રહ્યા છે. આમ છતાં ઈઝરાયલનાં દળોએ સેન્ટ્રલ અને અમર ગેલીવી પ્રદેશમાં યુદ્ધની મૉકફીલ કરી હતી, અને તેના યુદ્ધ વિમાનોએ પણ કવાયત કરી હતી. આ ઉપરાંત ટેક્રો અને બખ્તરિયા વાહનો પણ કવાયતમાં જોડાયા. સાથે દક્ષિણ લેબેનોનમાં એર-સ્ટ્રાઈક કરી ઈરાન સમર્પિત હિઝબુલ્લાહ જુથના કેટલાએ સ્થળો પર પણ બોમ્બવર્ષા કરી.

### સીમાના પાકિસ્તાની પતિએ કોર્ટમાં અરજી દાખલ કરી

# પાકિસ્તાની મહિલા સીમા હૈદર અને ભારત દેશના સચિનની મુશ્કેલી વધી

### ૨૭ મે ના રોજ કેસની આગામી સુનાવણી કરવામાં આવશે

। (એજન્સી) પાકિસ્તાન, તા.૧૭ ।



પાકિસ્તાનથી આવેલી મહિલા સીમા જેણે ભારત દેશના સચિન સાથે લગ્ન કરી લીધા છે જ્યાં મળતી માહિતી અનુસાર સીમા અને સચિનની મુશ્કેલીઓ વધી છે વાત કરીએ તો સીમાના પાકિસ્તાની પતિએ કોર્ટમાં અરજી દાખલ કરી છે જેનો હવે સીમા અને સચિને જવાબ આપવો પડશે. પાકિસ્તાની નાગરિક સીમા હૈદરના પાકિસ્તાની પતિ ગુલામ હૈદર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર જિલ્લા કોર્ટની ફેમિલી કોર્ટે સમન્સ આપ્યુ છે. કોર્ટે સીમા હૈદર, સચિન મીના અને લગ્ન આયોજકોને સમન્સ આપ્યુ છે. આ કેસની આગામી સુનાવણી ૨૭ મેના રોજ થશે. આ કેસમાં અરજી પાણીપતના એડવોકેટ મોમિન મલિક વતી દાખલ કરવામાં આવી હતી. મોમિન મલિકે જણાવ્યું હતું કે તાજેતરમાં જ ઉજવાયેલી સીમા અને સચિન મીનાની લગ્નની વર્ષગાંઠને કોર્ટમાં પડકારવામાં આવી છે.તેમજ કાર્યક્રમમાં ભાગ લેનારાઓને પણ કેસમાં પક્ષકાર બનાવવામાં આવ્યા છે. લગ્ન સિવાય બાળકોને દત્તક લેવાની પ્રક્રિયા, ધર્મ પરિવર્તન વગેરેને કોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

### અમિતાભ બચ્ચનને વધુ એક સન્માન મળશે

# અમિતાભ બચ્ચનને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરાશે

### ૨૪ એપ્રિલે એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।



બોલિવૂડના દિગ્ગજ અમિતાભ બચ્ચનને રાષ્ટ્ર, તેના લોકો અને સમાજ પ્રત્યેના નોંધપાત્ર સમર્પણ બદલ પ્રતિષ્ઠિત ત્રીજા લતા દીનાનાથ મંગેશકર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. જે વિશે મંગેશકર પરિવારે મંગળવારે જાહેરાત કરી છે.આ પ્રતિષ્ઠિત પુરસ્કારના અગાઉના પ્રાપ્તકર્તાઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને લોકપ્રિય ગાયિકા આશા ભોસલેનો સમાવેશ થાય છે.દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠાન દ્વારા ૬ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ દિવંગત ભારત રત્ન પુરસ્કાર વિજેતા અને સુપ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકરની યાદમાં સ્થાપિત, લતા દીનાનાથ મંગેશકર પુરસ્કાર અન્ય ઘણી વ્યક્તિઓને પણ તેમના સંબંધિત ક્ષેત્રોમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે એનાયત કરવામાં આવ્યો હતો. માસ્ટર દીનાનાથ મંગેશકર પુરસ્કારથી અન્ય કેટલાકને સન્માનિત કરવાનું નક્કી કર્યું છે. જેમાં સંગીત નિર્દેશક એ.આર. રહેમાન અને સંગીત માટે પીઢ મરાઠી અભિનેતા અશોક સરાફ, ફિલ્મો માટે પદ્મિની કોલ્હાપુર, ભારતીય સંગીત માટે ગાયક રૂપકુમાર રાઠોડ, મરાઠી થિયેટર માટે અભિનેતા અતુલ પરચુરે અને સાહિત્ય માટે નિવૃત્ત શિક્ષક અને લેખિકા મંજીરી ફડકે. વધુમાં, અભિનેતા, નિર્માતા અને દિગ્દર્શક રણદીપ હુડાને સિનેમામાં તેમના યોગદાન બદલ વિશેષ પુરસ્કાર મળ્યો હતો. મરાઠી નાટક ગાલિબને શ્રેષ્ઠ નાટક માટે મોહન વાળા એવોર્ડ મળશે. દિપસ્તંભ ફાઉન્ડેશનનો મનોબલ પ્રોજેક્ટ, જે વિકલાંગ વ્યક્તિઓ, અનાથ અને આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓને રહેણાંકની તાલીમ પૂરી પાડે છે, તેને તેની ઉત્કૃષ્ટ સામાજિક સેવા માટે ઓળખવામાં આવશે.

### ભાજપ અને મોદી સરકાર સામે તાક્યું નિશાન

# મને લાગે છે કે ભાજપને ૧૫૦ બેઠકો મળશે : રાહુલ ગાંધી

### સંયુક્ત પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધી, સપા નેતા અખિલેશ યાદવ સહિત અન્ય સહયોગી નેતાઓ પણ હાજર રહ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।



લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં પીએમ મોદી અને ભાજપના નેતૃત્વ હેઠળનું NDA ગઠબંધન તથા I.N.D.I.A. ગઠબંધન વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી રહી છે. આ વખતે મોદી સરકારના વિજયી રથને રોકવા માટે I.N.D.I.A.ના સહયોગી પક્ષોએ પણ કમર કસી લીધી છે. આ જ ક્રમમાં આજે ફરી એકવાર I.N.D.I.A.ના નેતાઓ દ્વારા એક સંયુક્ત પત્રકાર પરિષદ આયોજિત કરાઈ હતી. લોકસભા ચૂંટણીમાં એક તરફ ભાજપ દાવો કરી રહ્યું છે કે NDA ૪૦૦થી વધુ બેઠકો જીતશે. આ વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણી સમયે બેઠકોની સંખ્યાને લઈને મોટી ભવિષ્યવાણી કરી દીધી છે. તેમણે કહ્યું કે, આખા દેશમાં જબરદસ્ત અન્ડર કરંટ છે. હું બેઠકોની ભવિષ્યવાણી નથી કરતો. ૧૫-૨૦ દિવસ પહેલા હું વિચારતો હતો કે ભાજપને લગભગ ૧૮૦ બેઠકો મળશે, પરંતુ હવે મને લાગે છે કે તેમને ૧૫૦ બેઠકો મળશે. અમને તમામ રાજ્યથી રિપ ોર્ટ મળી રહ્યા છે અમે સુધારો કરી રહ્યા છીએ. ઉત્તરપ્રદેશમાં અમારું ગઠબંધન મજબૂત છે અને અમે ઘણું સારું પ્રદર્શન કરીશું. આ સંયુક્ત પત્રકાર પરિષદમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ સહિત અન્ય સહયોગી નેતાઓ હાજર રહ્યા હતા. જ્યાં અખિલેશ યાદવે ભાજપને ઘેરતાં સવાલોનો મારો ચલાવ્યો હતો. અખિલેશે કહ્યું કે ચૂંટણી બોન્ડે ભાજપની બેન્ડ વગાડી દીધી. ડબલ એન્જિનની સરકારમાં હોર્ડિંગ્સ પર માત્ર એક જ ચહેરો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન રાહુલ ગાંધીએ પણ ભાજપને સવાલ પૂછ્યો કે જો ચૂંટણી બોન્ડ યોગ્ય જ હતું તો પછી સુપ્રીમકોર્ટે તેને રદ કેમ કર્યા? જે લોકોએ ભાજપને હજારો કરોડો રૂપિયા આપ્યા તેના વિશે વિગતો કેમ છુપાવાઈ? કંપનીઓને હજારો કરોડોના કોન્ટ્રાક્ટ અપ ાય છે અને તેના તાત્કાલિક બાદ તે કંપનીઓ ભાજપને ડોનેશન આપે છે. હાલમાં બેરોજગારી, મોંઘવારી મુખ્ય મુદ્દા છે છતાં ભાજપ ફક્ત લોકોનું ધ્યાન ભટકાવવામાં જ વ્યસ્ત છે. ખેડૂતો પણ પરેશાન છે. તેમને એમએસપી નથી મળી રહી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, આ વિચારધારાની ચૂંટણી છે. ભાજપ બંધારણનો નાશ કરી રહ્યો છે. તેને બચાવવા માટે આ એક વિકલ્પ છે. ક્યારેક પીએમ મોદી પાણીની નીચે જાય છે.

### ચૂંટણીમાં સેનાની ભૂમિકાની ટીકા કરી હતી

# પાક.ની સેનાના કોર કમાન્ડરના રાજીનામાથી ખળભળાટ મચી ગઈ

### પાકિસ્તાનના મોટાભાગના મીડિયાએ આ ખબરને મહત્વ નથી આપ્યું પણ દેશના યૂટ્યૂબર્સે તેના પર ચર્ચા છેડી દીધી છે

। (એજન્સી) પાકિસ્તાન તા.૧૭ ।




નજીકના ભવિષ્યમાં આર્મી ચીફ બનવાના દાવેદારોમાં સામેલ લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલ સફદરે સેનામાંથી આપેલા રાજીનામાથી ખળભળાટ વ્યાપી ગયો છે. પાકિસ્તાનના મોટાભાગના મીડિયાએ આ ખબરને મહત્વ નથી આપ્યુ પણ દેશના યૂટ્યૂબર્સે તેના પર ચર્ચા છેડી દીધી છે.

લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલે તાજેતરમાં ચૂંટણીમાં થયેલી ગરબડમાં પાકિસ્તાની સેનાનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. પાકિસ્તાની યૂટ્યૂબ ચેનલ્સે જણાવ્યુ છે કે, 'પાંચ માર્ચ, ૨૦૨૪ના રોજ મળેલી પાકિસ્તાની સેનાના કોર કમાન્ડરોની બેઠકમાં તેમણે ઉપરોક્ત ટિપ્પણી કરી હતી. તેમની કોમેન્ટસથી વર્તમાન આર્મી ચીફ જનરલ અસીમ મુનીર નારાજ થયા હતા અને તેમણે લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલને રાજીનામુ આપવુ પડે તેવા સંજોગોનુ નિર્માણ કર્યુ હતુ. પાકિસ્તાનની સેનાની પહેલી કોરનુ નેતૃત્વ કરનારા લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલ ૨૦૨૭માં નિવૃત્ત થવાના હતા. એ પહેલા જો વર્તમાન સેના પ્રમુખ જનરલ અસીમ મુનીર સમયસર નિવૃત્ત થાત તો ૨૦૨૫માં લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલને આર્મી ચીફ બનવાની તક મળે તેમ હતી.


જોકે જનરલ મુનીર ૨૦૨૫ પછી પણ સેના પ્રમુખ તરીકે ચાલુ રહેવા માંગતા હોવાથી તેમણે લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલ પર રાજીનામાનુ દબાણ કર્યુ હતુ તેવો દાવો યૂટયૂબર્સ કરી રહ્યા છે. આ પહેલા ઈમરાન ખાનની પાર્ટીના કાર્યકરોએ લાહોરમાં આર્મીના ફ્લેગ સ્ટાફ હાઉસમાં તોડફોડ કરી હતી. અને તેના કારણે લેફ્ટનન્ટ સલમાન ફૈયાઝ ગનીની પણ કોર કમાન્ડર પદેથી હકાલ પટ્ટી કરવામાં આવી હતી. આમ એક વર્ષમાં પાકિસ્તાની સેનાના બીજા કોર કમાન્ડરને આર્મી છોડવાનો વારો આવ્યો છે.

## તંત્રી લેખ...

### ‘જેના ચિત્તમાં અસંતોષ અને અભાવનો બોધ છે, તે જ દરિદ્ર છે

એક વખત અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને પ્રશ્ન કર્યો, ‘તમને કયા કયા સદ્‌ગુણોવાળા ભક્ત પસંદ છે?’ શ્રીકૃષ્ણએ કહ્યું, ‘જે કોઈ પ્રાણીનો દ્વેષ નથી કરતા, બધા સાથે સદ્ભાવ અને મૈત્રી ભાવ ધરાવે છે, બધા પર કરુણા વરસાવે છે, ક્ષમાશીલ છે, અહંકારથી રહિત છે, સુખ-દુ:ખમાં એક સમાન રહે છે, તે ભક્ત મને પ્રિય છે.’ હિંસા અને અન્ય દુષ્પ્રવૃત્તિઓને પતનનું કારણ ગણાવતાં શ્રીકૃષ્ણએ કહ્યું, ‘હે મહાબાહુ અર્જુન, પ્રાણીઓની હિંસા કરનારા, લોભ-મોહમાં ફસાઈને જીવન નિરર્થક કરનારા વ્યક્તિનું પતન થઈ જાય છે, પરંતુ જે વ્યક્તિ કોઈનો દ્વેષ નથી કરતો કે ના આકાંક્ષા રાખે છે, તેને સદા સંન્યાસી, મહાત્મા જ સમજવો જોઈએ, કારણ કે રાગ-દ્વેષ વગેરે દ્વંદ્વોથી રહિત પુરુષ સુખપૂર્વક સંસાર બંધનથી મુક્ત થઈ જાય છે.’ ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા, ‘જેના ચિત્તમાં અસંતોષ અને અભાવનો બોધ છે, તે જ દરિદ્ર છે. જેની ચિત્તવૃત્તિ વિષયોમાં આસક્ત નથી, તે સમર્થ-સ્વતંત્ર છે અને સદાય શાંતિની અનુભૂતિ કરે છે. ભક્તોને મહત્ત્વ આપતાં શ્રીકૃષ્ણએ જણાવ્યું કે ભક્તોની પાછળ-પાછળ હું નિરંતર એ વિચારીને ફરું છું કે તેના ચરણોની ધૂળ ઊડીને મારા પર પડશે અને હું પવિત્ર થઈ જઈશ.’ મહાભારતના અનેક એવા પ્રસંગ છે, જેમાં સુખી જીવનના સૂત્ર જણાવવામાં આવ્યાં છે. જો આ સૂત્રોને જીવનમાં ઉતારી લેવામાં આવે તો આપણે અનેક સમસ્યાઓથી બચી શકીએ છીએ. અહીં જાણો અહંકાર સાથે જોડાયેલ મહાભારતનો એક પ્રેરક પ્રસંગ. આ પ્રસંગમાં શ્રીકૃષ્ણએ અર્જુનને સમજાવ્યું કે, ઘમંડ કરવો જોઈએ નહીં અને દુશ્મનને ક્યારેય પોતાનાની નબળો સમજવો નહીં. અર્જુન અને કર્ણની વચ્ચે યુદ્ધ થઇ રહ્યું હતું. બંને જ યોદ્ધા પૂર્ણ શક્તિ સાથે લડી રહ્યા હતાં. અર્જુનના બાણ કર્ણના રથ ઉપર પ્રહાર કરતાં ત્યારે તેનો રથ ૨૦-૨૫ હાથ પાછળ ખસી જતો હતો. જ્યારે કર્ણના પ્રહારથી અર્જુનનો રથ થોડોક જ પાછળ ખસી જતો હતો. જ્યારે કર્ણ અર્જુનના રથ પર પ્રહાર કરતો હતો ત્યારે શ્રીકૃષ્ણ કર્ણની પ્રશંસા કરતાં હતાં, પરંતુ અર્જુનના પ્રહાર સમયે તેઓ ચૂપ રહેતાં હતાં. શ્રીકૃષ્ણના મુખથી કર્ણની પ્રશંસા સાંભળીને અર્જુનથી રહેવાયું નહીં. તેણે શ્રીકૃષ્ણને પૂછ્યું કે, હે કેશવ જ્યારે હું કર્ણના રથ પર પ્રહાર કરું છું ત્યારે તેનો રથ ખૂબ જ પાછળ ખસી જાય છે, જ્યારે તેના બાણથી મારો રથ થોડોક જ ખસે છે. મારા બાણની અપેક્ષાએ કર્ણના બાણ ખૂબ જ નબળા છે, છતાંય તમે તેની પ્રશંસા કેમ કરી રહ્યા છો? શ્રીકૃષ્ણે જવાબ આપ્યો કે, તારા રથ પર હું સ્વયં બેઠો છું.

### સદગુરૂ પાસે આવી અવિનાશીની જે માનવ ઓળખાણ કરે, અવતાર ગુરૂની કૃપાળુ દ્રષ્ટિ, એક પળમાં કલ્યાણ કરે”



રામચરીત માનસ આ યુગનો એક લોકપ્રિય આધ્યાત્મિક ગ્રંથ છે જે અનુસાર માનવજીવનનું લક્ષ્ય સર્વસુખદ જ્ઞાનોત્તર ભક્તિ છે તથા આ ભક્તિનું કેન્દ્ર વર્તમાન બ્રહ્મનિષ્ઠ મહાત્મા/સંત સદગુરૂ છે. અધ્યાત્મમાં જ્ઞાન-ભક્તિ માર્ગ સર્વશ્રેષ્ઠ, મુક્તિદાયી, આનંદપ્રદ અને માનવજીવનનું લક્ષ્ય છે તેને યોગ માર્ગ કહેવામાં આવ્યો છે અને આ જ અમૃત છે તથા તેનાથી દૂર ફક્ત ભોગોમાં ફસાયેલા જીવોને પશુઓ કરતાં પણ વધુ પતિત કહેવામાં આવે છે કારણ કે માનવ દેહ મળ્યા પછી જ્ઞાન-ભક્તિને પ્રાપ્ત કરવાં જોઈએ. આ ભક્તિનો આવિર્ભાવ બ્રહ્મનિષ્ઠ સદગુરૂની કૃપાથી જ્યારે સંત સબંધી તમામ શંકાઓ તથા ભ્રમ પ્રભુકૃપાથી સમાપ્ત થાય છે ત્યારે જ થાય છે. સદગુરૂ સમકાલિન સંત તથા સિદ્ધ મહાપુરૂષ હોવા જોઈએ. ભૂતકાળમાં થઈ ગયેલા વ્યક્તિ, અવતાર, જડ કે પ્રતિમાને ગુરૂ માનીને જ્ઞાન-ભક્તિનો હદયમાં ઉદય થવો સંભવ નથી. સમકાલિન સદગુરૂની ભક્તિ જ વાસ્તવિક ભક્તિ છે. ભૂતકાળમાં ગોપીઓએ ભગવાન કૃષ્ણની અને હનુમાનજી, ભરત, વિભિષણ વગેરેએ ભગવાન શ્રીરામની ભક્તિ કરી હતી. વર્તમાનકાલીન ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સમયના સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજના કથન અનુસાર “બ્રહ્મની પ્રાપ્તિથી જ ભ્રમોની સમાપ્તિ થાય છે. અવતારવાણીમાં કહ્યું છે કે “જોયા વિના મન નહીં માને, મન માન્યા વિના પ્રેમ નહીં, પ્રેમ વિના ન ભક્તિ થાયે, ભક્તિ વિના ઉદ્ધાર નહીં. ગુરૂ દેખાડે ગુરૂ મનાવે, ગુરૂ જ પ્રેમ શિખવાડે છે, ગુરૂ વિનાની ભક્તિ નકામી, જે કરે તે પસ્તાયે છે. સદગુરૂ પાસે આવી અવિનાશીની જે માનવ ઓળખાણ કરે,અવતાર ગુરૂની કૃપાળુ દ્રષ્ટિ,એક પળમાં કલ્યાણ કરે.” જ્ઞાન-ભક્તિના વિષયમાં રામચરીત માનસમાં પણ આ ભાવ જોવા મળે છે. “જાને બિનુ ના હોઈ પરતીતી,બિનુ પરતીતી હોઈ નહીં પ્રીતિ, પ્રીતિ બિના ના ભગતિ દ્રઢાઈ, જિમિ ખગપતિ જલ કે ચિકનાઈ..” બ્રહ્મના અદ્વૈતભાવનો પણ ભક્તિથી વિરોધ નથી. ભક્ત ધામમાં રામ જુવે છે જ્યારે અન્ય વ્યક્તિ રામમાં પણ ધામ જુવે છે. એક પ્રભુને દરેક ઘટમાં જાણીને સૌની સાથે પ્રેમ કરવાનો છે,તમામનો સત્કાર કરવાનો છે. આમ, ભક્તિના જે સ્વરૂપની અનુભૂતિ, મહાનતાનો તુલસીદાસજીનો સ્વીકાર કર્યો છે અને જેનું સમર્થન તમામ આધ્યાત્મિક ગ્રંથોમાં કરવામાં આવ્યું છે તે જ્ઞાન-ભક્તિનું વ્યવહારીક રૂપ આજે નિરંકારી મિશન પોતાના શિષ્યોને પ્રદાન કરે છે. ચૌદ વર્ષના વનવાસ દરમ્યાન ભગવાન શ્રીરામે જ્યારે શબરીના આશ્રમમાં પાવન પ્રવેશ કર્યો ત્યારે શબરી ભાવવિભોર અને પુલકિત થઈ જાય છે.આ પ્રસંગમાં ગોસ્વામી તુલસીદાસજીએ આધ્યાત્મિક જિજ્ઞાસુઓના માટે અનેક સંદેશ અને ગંભીર અર્થ આપ્યા છે. “પ્રથમ તો પ્રેમ સાચો હોય તો ભગવાન ભક્તને દર્શન આપીને કૃતાર્થ કરે છે.” બીજું ભગવાન જાતપાતનો વિચાર કરતા નથી અને તે એક આદિવાસી કન્યા પર પણ કૃપા કરે છે.ત્રીજું ભગવાનના જ્ઞાન અને ભક્તિની પ્રાપ્તિ કરવા માટે કોઈ વિદ્યા, કર્મકાંડ,શિક્ષા વગેરેની આવશ્યકતા નથી. ભગવાન શ્રીરામે શબરીને જે ભક્તિનો ઉપદેશ આપ્યો તે ભક્તિ નવ પ્રકારની બતાવવામાં આવી છે.

કુંભકર્ણ વિભીષણ મેઘનાદ અને બીજા પુત્રો! લંકામાં વસતા તમામ રાક્ષસો તેમજ હનુમાનજીના માર્ગના અવરોધ બનતા તમામ ચરિત્રો!

# ૮૪ લાખ યોનીનાં જીવ સ્વધર્મ ચૂકતા નથી! પરંતુ મનુષ્ય સ્વધર્મ ચૂકે છે, માટે તેમને રામ દૂર લાગે છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શ્રીરામના અનુજ લક્ષ્મણ અને તેની પત્ની જાનકી ઉપરાંત હનુમાનજીનો અતુલ્ય ફાળો છે, અને આપણે પણ જો આપણા માનસમાં એને જન્માવવા હોય તો પળેપળની જાગૃતિ અને ભક્તિના એ પવિત્ર ભાવ અને દાસની દિનતા સુધી પહોંચવું પડે**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે ગુરુવાર અને પ્રાર્થના! તો કંઈક જુદી રીતે આજે આંતર ચિંતન કરતી પ્રાર્થના કરી આપણી શ્રેણી નક્કી કરીએ. મનુષ્યમાંથી દિવસેને દિવસે માનવ પણું ઓછું થતું જાય છે અને એને કારણે પૂરાં વિશ્વમાં કાયમ અશાંતિનું વાતાવરણ રહે છે! પણ બહુ થયું હવે!પણ શું આપણે આ પરિસ્થિતિમાંથી બહાર નહીં આવી શકીએ! અવશ્ય આવી શકાય! તો ચાલો જરાં જુદી રીતે રામને તત્વતઃ સમજવા કોશિશ કરીએ, કારણ કે ત્રેતા યુગથી આ કળિયુગ સુધી દશરથ નંદન, કૌશલ્યા કુંવર, રામને તો આપણે દર રામનવમી એ જન્માવતા આવ્યા છીએ, પરંતુ અંતરમાં હજીએ રામ તત્વનો અનુભવ જોઈએ તેટલો થતો નથી. ગઈકાલે રામનવમી હતી અને સમગ્ર વિશ્વમાં રામ મંદિરમાં કે દરેક મંદિરમાં તેમજ દરેકના ઘરમાં રામ જન્મ મહોત્સવ ઉજવાયો, અને બાલ રામ અવતર્યા. રામનવમીના ચિંતનમાં આપણે જોયું હતું કે ત્રેતાના એ કાળમાં રામ તત્વને વિશ્વ વંદનીય બનાવવા માટે શ્રીરામના અનુજ લક્ષ્મણ અને તેની પત્ની જાનકી ઉપરાંત હનુમાનજીનો અતુલ્ય ફાળો છે, અને આપણે પણ જો આપણા માનસમાં એને જન્માવવા હોય તો પળેપળની જાગૃતિ અને ભક્તિના એ પવિત્ર ભાવ અને દાસની દિનતા સુધી પહોંચવું પડે. શ્રીરામના જન્મ માટે દશરથ અને કૌશલ્યા બનવું બહુ જ અનિવાર્ય છે, પરંતુ આ બાલરામ ને શ્રીરામ બનાવવા માટે માતા કૈકેયી, માતા સુમિત્રા, જાનકી, ગુરુ વશિષ્ઠ ગુરુ વિશ્વામિત્ર,સુમંત્ર, ભરત, લક્ષ્મણ, અને એ ત્રણેયની પત્ની માંડવી, ઉર્મિલા, શ્રુત કિર્તી, અને મંથરા એવાં કેટલાંય ચરિત્રો અનિવાર્ય છે. પણ સાથે સાથે અયોધ્યાની પ્રજા અને ૧૪ વર્ષના વનવાસ દરમિયાન જેટલા જેટલા સાથે એમની મુલાકાત થઈ છે એ તમામ. આ ઉપરાંત હનુમાનજી સુગ્રીવ અંગદ જાંબુવંત નલ નીલ અને બીજા કેટલાય વાનર! સુતીષ્ણ માતા શબરી! અને રાવણ મંદોદરી, શૂર્પણખા, કુંભકર્ણ વિભીષણ મેઘનાદ અને બીજા પુત્રો! લંકામાં વસતા તમામ રાક્ષસો તેમજ હનુમાનજીના માર્ગના અવરોધ બનતા તમામ ચરિત્રો! આ વાતનું સમર્થન કરવા જરા જુદી રીતે ચિંતન કરીએ તો અમુક ચરિત્રો ગુણવર્ધક હતા તો અમુક ચરિત્રો અવગુણ ધરાવતા હતાં. પણ આજના સમયમાં આપણે રામ તત્વને કંઈ રીતે મુલવી શકીએ! અથવા તો આપણા ઘટમાં રામ તત્વ જન્મ્યું છે કે નહીં? એની ખાતરી કઈ રીતે કરી શકીએ! તો આ ગુણ અવગુણ ધરાવતા બંને પક્ષોને જે સમાન દ્રષ્ટિએ જોવે, પરમાત્માની લીલાનું કારણ સમજી સૌ સાથે જે સમાન અનુબંધ બાંધી શકે એનામાં જ રામ તત્વ ઉજાગર થયું છે એ સાબિત થાય. આપણે પણ આ નવ દિવસ આપણાં ઘટમાં તત્વ રૂપે રામ ને જમાવવા કંઈક વિશિષ્ટ અભિયાન આદર્યું હતું! એટલે કે આપણું આ કુંડલીની જાગરણ નિમિત્તે કરાયેલું અનુષ્ઠાન કે અભિયાન સમાપ્ત થયું! યોગ એટલે ભોગ ઉપભોગ ત્યજીને સાધન વગર કરવામાં આવતી સાધના! કે જેમાં બધું જ ધારવાનું હોય છે! ઈશ્વર તત્વની પણ જ્યાં માત્ર ધારણા છે! એટલે કે હજી કોઈ ઠોસ પ્રતિતિ નથી. પણ જગત મિથ્યા છે, કે સંસાર સાર વગરનો છે, અથવા મારા જીવનનું નિયત કર્મ શું છે? સમગ્ર સૃષ્ટિ સંચાલનનું રહસ્ય શું છે? શું હું સાચે જ ૮૪ લાખ યોનીનું ભ્રમણ કરીને માનવ જન્મ સુધી પહોંચ્યો છું? આવાં કોઈ સવાલના જવાબ માટે જો યોગ સાધના કે આધ્યાત્મિક ચિંતનનો આરંભ થયો હોય તો એ ખરેખર કોઈ અનૂભૂતિ ગમ્ય પરિણામ આપે છે, અને સિદ્ધ નહીં પણ તત્વતઃ એ બ્રહ્મ સુધી પહોંચવા શુદ્ધિની જરુરત છે, એ સત્ય સુધી અવશ્ય પહોંચી શકાય છે. ઉપર આપણે ૮૪ લાખ યોનીની વાત કરી! હવે મનુષ્ય બન્યા પહેલાં એ બધાં જન્મો માંથી પસાર થઈને આવ્યા છીએ, કે મનુષ્ય માંથી માનવી ન બની શક્યા માટે હવે એ બધી શ્રેણીઓમાંથી પસાર થવાનું છે! એ આપણે જાણતા નથી. પરંતુ આપણી આસપાસની જીવસૃષ્ટિ ઉપરાંત અસંખ્ય કીટકો, પશુ, પંખીઓ, એકકોષી બહુકોષી ભૂચર, જળચર, અને જેની આપણને કલ્પના પણ ન હોય એવા તમામ જીવ થઈને ૮૪ લાખ થાય છે, એ વાત તો સાચી માની શકાય. પણ મને લાગે છે કે એ બધાં અન્ય જીવ જે સ્વરૂપે જન્મ્યા હોય એ જ સ્વરૂપે આખું જીવન જીવે છે. એટલે કે કીડી કીડી થઈને જ મરે છે, અને વાઘ વાઘ થઈને જ! પણ આપણી દિનચર્યાનું આપણે ચિંતન કરીએ તો મને લાગે છે કે મનુષ્ય એક જ જન્મમાં ૮૪ લાખ યોનીના જીવનાં સ્વરૂપને ક્યારેક ને ક્યારેક તો ધારણ કરી જ લે છે. ક્યારેક આપણે કુતરા જેમ ભસતાં હોઈએ છીએ, તો ક્યારેક બિલાડી જેમ ચૂપચાપ કોઈનું હજમ કરી જતાં હોઈએ છીએ, ઉંદર જેમ સારું ખરાબ વિચાર્યા વગર કાપકૂપ કરતાં હોઈએ છીએ, તો ક્યારેક ભેંસ જેમ આળસુ બની પડ્યા રહીએ છીએ! ક્યારેક સાપ જેમ ઝેર ઓકતા હોઈએ છીએ! હાં ક્યારેક ગાય બની સ્વાર્થ વગર અન્યનું પોષણ પણ કર્યું હશે, તો ક્યારેક તો સિંહ વાઘથી પણ વધુ હિંસક થઈ ઘાતકી બની ન કરવાં જેવું કરતાં હોઈએ છીએ! હાથી જેમ ઉદરમાં કેટલુંય નાખ્યું પણ ઉદાર ન બની શક્યા! બાકી અન્ય જતું અને કિટકની સંકુચિતતાથી નીંદા, કુથલી, ઈર્ષા, અને બીજા એ કેટલાય ભાવનો કચરો માનસમાં ભેગો કરતાં હોઈએ છીએ! જેમ જેમ ચિંતન કરતા જઈશું તેમ તેમ આપણા જીવનનાં એક પછી એક પાનાંઓ ખુલશે અને આપણી સામે આ સત્ય પ્રકાશિત થશે! અને આપણને ખ્યાલ આવશે કે આપણે સ્વધર્મ ચૂકી ગયા! એટલે કે કીડી કીડી તરીકે જ જન્મી હતી ને કીડી તરીકે જેનું મોત થયું. પરંતુ આપણી છેલ્લી અવસ્થામાં આપણે ક્યાં આંતર સ્વરૂપે હોઈશું, એ આપણે જાણતા નથી! અને એટલે જ હદયમાં રામ તત્વનો જન્મ થવો અનિવાર્ય છે! કારણકે આ એક જ તત્વ એવું છે, જે આપણનેસ્વધર્મમાંરોકીરાખેછે. આપણને કુતરા, બિલાડા, કે ઉંદર, ગરોળી, સાપ, ભેંસ, ગધેડા, જેવી શ્રેણીમાં જતા રોકે છે, અને એ જ રીતે માનસની સંકુચિતતા પણ ઘટે છે, એટલે કીડી, મકોડા, માખી, મચ્છર, જેવી માનસિકતા પણ ઓછી થતી જાય છે. આપણે મનુષ્યમાંથી માનવી ન બની શક્યાં એ માટેનું એક કારણ વિજ્ઞાન પણ છે! આપણે આપણી સુખ સુવિધા વધારવા માટે એવી એવી શોધ કરી કે જેને કારણે આપણી દ્રષ્ટિ ભોગમાંથી યોગ તરફ ગઈ જ નહીં! હા ચોક્કસ સમયે સમયે ધાર્મિક મેળાવડા કર્યા, તહેવારો ઉજવ્યા, ઘરમાં દેવી-દેવતાઓના ફોટા રાખ્યા, નિયત સમયે ધૂપ દીપ કર્યા. નિયમ અનુસાર નામ કે જાપ પણ કર્યા, પરંતુ એ બધું જ કરવા ખાતર કર્યું, હોવાથી પરિણામ એટલું ફળદાયી મળ્યું નહીં, અને આપણે મનુષ્યમાંથી માનવી બની શક્યા નહીં! બાપુ કહે છે તેમ આ યુગ તો પ્રેમયુગ છે! આ યુગ તો કથા યુગ છે! આપણી વ્યથા ભૂલ્યા વગર કથાનું મહત્વ સમજાતું નથી , તો વ્યથાનું દામન પકડી બહુ જીવ્યાં, અને સંજોગોના ખૂબ રોદણાં રોયાં, હવે એ છેડો જ ફાડી નાખીએ કે જે સતત વેદના આપે છે, એટલે કે ભૂતકાળની એ તમામ સ્મૃતિઓ ભૂલીને, વર્તમાનમાં સ્થિર થઈએ કે હજી આપણે શું કરી શકીએ તેમ છીએ? અને એવા એક નવા અભિગમ દ્વારા અંતરમાં રામ તત્વને આપણે સૌ જન્માવીને પુરા વિશ્વમાં શાંતિનું સામ્રાજ્ય સર્જી શકીએ તેમ છીએ, તો એ તરફ આપણા ડગલા પડે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર જાણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લૌકિક નામરૂપમાં આસક્તિ એ માયા, અલૌકિક નામરૂપમાં આસકિત એ ભક્તિ, ભાવના વગર ભક્તિમાર્ગમાં સિદ્ધિ મળતી નથી

# સંસારના સર્વ વિષયોમાં મન હટી જાય અને ઈશ્વર સાથે એકરૂપ થઈ જાય એ મુક્તિ અને મોક્ષ કહેવાય



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)


**વિષયોમાં જવાથી મન મરતું નથી, પરંતુ આ જ મન ઈશ્વરનું ચિંતન કરે, દયાન કરે તો તે ઈશ્વરને પ્રાપ્ત કરી શકે છે, ઈશ્વરની સાથે એક થઈ જાય ત્યારે મન મરે છે**

ગઈકાલે આપણે ઉત્સાહ ઉમંગભેર મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીનો જન્મ દિવસ રામનવમી અને છેલ્લું ચૈત્રી નવરાત્રી ભક્તિ ભાવથી ઉજવ્યો. યા દેવી સર્વભૂતેષુ... નમસ્તસ્યૈ.. નમો નમઃ.. બસ આપણે પ્રકૃતિનું જતન શક્તિની પૂજાથી કરીએ છીએ. કમળ જેમ પાણીથી અલિપ્ત રહે છે, તેમ જ્ઞાની પુરુષોની અંદર સંસાર રહેતો નથી. જગત ન દેખાય એટલા માટે જ્ઞાની પુરુષો આંખ બંધ કરીને બેસે છે, પણ જગત એવું છે કે, આંખ બંધ કર્યા છતાં પણ દેખાય છે. આંખ બંધ થતાં અંદરનો સંસાર શરૂ થાય છે. બહારનો સંસાર ભક્તિમાં વિઘ્ન કરતો નથી, પણ જે સંસાર મનમાં છે તે વિઘ્ન કરે છે. નાવડી રહે છે જળમાં પણ નાવડીમાં જળ આવે તો તે ડૂબી જાય છે. તેમ જ્ઞાની પુરુષો સાવધ રહે છે કે, બહારનો સંસાર મનમાં આવે નહીં. સંસાર બાધક થતો નથી, પણ વિષયોનું ચિંતન કરતાં વિષયોમાં ચિંતન કરતાં વિષયોમાં જે આસક્તિ ઉત્પન્ન થાય છે તે બાધક થાય છે.દશ્ય પદાર્થમાંથી દષ્ટિ હટી જાય અને દષ્ટામાં દ્રષ્ટિ સ્થિર થાય, ત્યારે આનંદ મળે છે. દશ્યના દષ્ટાને સાક્ષી કહે છે. દષ્ટા એ દુ:ખરૂપ છે. દષ્ટા માત્ર આનંદરૂપ છે. લૌકિક નામરૂપ માં આસક્તિ એ માયા. અલૌકિક નામરૂપમાં આસકિત એ ભક્તિ. ભાવના વગર ભક્તિમાર્ગમાં સિદ્ધિ મળતી નથી. શરીર મરવાથી મુક્તિ મળતી નથી, પણ મન મરવાથી મુક્તિ મળે છે. આત્માને મુક્ત કરવાનો નથી, એ તો મુક્ત જ છે. સંસારના સર્વ વિષયોમાં મન હટી જાય અને ઈશ્વર સાથે એકરૂપ થઈ જાય એ મુક્તિ. પરમાત્મા આનંદ સ્વરૂપ છે. મન સંસારના વિષયો સાથે એક થતું નથી. કારણ સંસાર જડ છે અને મન જડ નથી, પણ અર્ધચેતન છે. સજાતીયમાં જ સજાતીય મળે. આથી મન ઈશ્વર સિવાય કોઈની સાથે અભિન્ન થતું નથી, એક થતું નથી. સંસારના વિષયોમાં રચ્યોપચ્યો રહેતો હોય તે પણ કો’ક વખત તો એનાથી ધૃણા અનુભવે છે. એવી ધૃણા કાયમ ટકે તો બેડો પાર થઈ જાય. મનુષ્યને વૈરાગ્ય આવે છે. પણ માયા એવી છે કે, તે વૈરાગ્યને ટકવા દેતી નથી. મન ગમે તેટલું વિષયોમાં રમે,તો પણ સંસારના જડ પદાર્થ સાથે એ એક થઈ શકતું નથી. ફક્ત ઈશ્વર સાથે જ મન એકાકાર થઈ શકે છે. કારણ કે મન કેવળ જડ નથી, અર્ધચેતન પણ છે. પૂર્વજન્મનું શરીર મરી ગયું છે,પણ પૂર્વજન્મનું મન લઈ આ શરીર આવ્યું છે અને મર્યા પછી આ મન જ તમારી સાથે આવવાનું છે. સ્ત્રી,પુત્ર,કુટુંબ તમારી સાથે આવશે નહીં, તો જે તમારી સાથે આવવાનું છે તેની કાળજી રાખો અને બીજામાંથી આસક્તિ ઓછી કરો. જીવાત્મા મનનો આશ્રય કરીને વિષયોને ભોગવે છે એટલે એ મનને સાચવી લો. સંસારની કોઈ વસ્તુ બગડે કે નાશ થાય તો બીજી વસ્તુ મળશે,પણ મન બગડી જાય તો બજારમાં બીજું મન મળશે નહીં. વિષયોમાં જવાથી મન મરતું નથી, પરંતુ આ જ મન ઈશ્વરનું ચિંતન કરે, દયાન કરે તો તે ઈશ્વરને પ્રાપ્ત કરી શકે છે. ઈશ્વરની સાથે એક થઈ જાય ત્યારે મન મરે છે. કોઈના ગુરુ થવાની ઈચ્છા ન રાખશો. તમારે ગુરુ થવું હોય તો તમારા મનના ગુરુ થાવ. તમારી મનને જ ઉપદેશ આપો અને એને તમારો પાકો ચેલો બનાવો. એને ફરી ફરી કહો, બચ્ચા, મન ભક્તિ માર્ગે ચાલે તો તને પ્રભુ મળશે. સંસારમાં જે નિંદ્ય છે તે છોડ અને જે વંદ્ય છે તેનું સેવન કર. પછી જો જો ચમત્કાર! આ લાડુમાં ઝેર છે એમ કોઈ કહે તો તે લાડુ તમે ખાશો નહીં. તેમ મનને સમજાવો કે આ સંસારના વિષયોમાં ઝેર છે, તું ખાઈશ નહીં. ખાઈશ તો તું દુઃખી થઈશ. આમ બીજાના ગુરુ થવાનો મોહ છોડી નિજ મનના ગુરુ બનો. પોતાના ગુરુ થવું એનો અર્થ સર્વના શિષ્ય થવું. દત્તાત્રેયની પેઠે સર્વને ગુરુ ભાવથી જોતાં થાઓ તો ક્યાંય બંધન નહીં દેખાય. મન સંસારના વિષયોનું ચિંતન કરે છે અને સંસારમાં ફસાય છે.તે સંસાર ના વિષયોનું ચિંતન છોડી દે તો મુક્તિ છે. નિદ્રામાં મન નિર્વિષય બને છે. એટલે નિદ્રામાં આનંદનો અનુભવ થાય છે.નિદ્રા અને સમાધિમાં તફાવત છે, પરંતુ સામ્ય પણ ઘણું છે.સમાધિમાં સર્વ વિષયોમાંથી મન હઠી જાય છે, ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. તેમ નિદ્રામાં પણ મન સંસારના સર્વ વિષયોમાંથી હટી જાય છે તેથી નિદ્રામાં આનંદ આવે છે, પરંતુ મન નિદ્રામાં સંપૂર્ણ નિર્વિષય થઈ જતું નથી. જો તે મન પૂર્ણ નિર્વિષય થઈ જાય તો તેને સમાધિ કહે છે. નિંદ્રાનું સુખ તામસી સુખ છે. નિંદ્રામાં હુંપણું-અહમ્ બાકી રહી જાય છે. અહંભાવનો લય થતો નથી, ત્યારે સમાધિમાં અહંભાવનો પણ લય થાય છે અને હુંપણું રહેતું નથી. યોગીઓ આત્મસ્વરૂપમાં મનનો લય કરે છે. મનને કોઈ વિષય ન આપો એટલે તે આત્મ સ્વરૂપમાં મળી જાય છે. મન આત્મસ્વરૂપ માં લય થાય એટલે મુક્તિ મળે છે. વિષયોના ચિંતનથી મન જીવે છે અને વિષયોનો ત્યાગ કરવાથી મન મરી જાય છે.સંસારનાવિષયોમાંથી મન હટી જાય એટલે મન શાંત બને છે. દીવામાંનું તેલ જ્યારે ખૂટી જાય છે ત્યારે દીવો શાંત થાય છે. તેમ મનમાં સંસાર ન રહે ત્યારે મન શાંત થાય છે. મનને કોઈ આધાર જોઈએ. મનને પ્રતિ કૂળ વિષયોમાંથી અનુકૂળ વિષયો માં લઈ જાવ. એ જ મન તમને મુક્તિનો આનંદ આપનારું બનશે. નિદ્રામાં સર્વનો વિનાશ થાય છે, પણ અહંકારનો વિનાશ થતો નથી. નિદ્રામાં અહંભાવ મૂલાતો નથી, સમાધિમાં અહંભાવ ભૂલાય છે. સમાધિમાં નામ અને રૂપ ભૂલાય છે. સમાધિના બે પ્રકાર છે:જડ સમાધિ અને ચેતન સમાધિ. યોગી મનને બળાત્કારથી વશ કરી પ્રાણ ના બ્રહ્મરંધ્રમાં સ્થાપન કરે છે. એ જડ સમાધિ છે, પરંતુ મન ઉપર બળાત્કાર કર્યા વગર પ્રેમથી સમજાવીને તેને વિષયોમાંથી હટાવી લેવું એ ચેતન સમાધિ છે. વિશ્વામિત્રની સમાધિ જડ હતી. સાઠ હજાર વર્ષ તપ કર્યું,છતાં મેનકાને જોઈને તેમનું મન લલચાયું હતું. બળાત્કારે રાખેલું મન ક્યાં સુધી કાબૂમાં રહે? માટે સમાધિ સહજ હોવી જોઈએ.એવી સહજ સમાધિ શ્રીકૃષ્ણ લીલામાં છે. કનૈયાની વાંસળી સાંભળી ગોપીઓ સહજ સમાધિનો અનુભવ કરે છે.શ્રીકૃષ્ણ કથાનું વર્ણન કરતાં આંખો ઊઘાડી હોવા છતાં સમાધિ લાગે છે.ગોપીઓએ કદી નાક પકડી સમાધિ લગાવવાનો પ્રયત્ન કર્યો નથી. તેમની તો હાલતાં- ચાલતાં સૂતાં-બેસતાં સર્વત્ર, સર્વ કાળે સમાધિ જ લાગેલી રહે છે. તેઓને આપોઆપ સમાધિ લાગે છે. આ ભોગી શરીર યોગાભ્યાસ કરી શકે નહીં. ભોગી યોગી થવા જાય તો યોગી થવાને બદલે રોગી થઈ જાય. યોગનું પહેલું સાધન છે બ્રહ્મચર્ય. એ બ્રહ્મચર્યનું પાલન કર્યા વગર કોઈ યોગ સિદ્ધ કરવા જાય તો ખાડામાં પડે. પણ શ્રીકૃષ્ણકથા એવી છે કે, જેથી અનાયાસે જગત ભૂલાય છે. જગતમાં રહીને જગતને ભૂલવું છે. એનું એકમાત્ર સાધન શ્રીકૃષ્ણકથા છે. પ્રત્યક્ષ પ્રમાણ મોજૂદ છે. પરીક્ષિતને સાત જ દિવસમાં મુક્તિ મળી છે.સાત દિવસમાં પરીક્ષિત રાજા જગતને ભૂલી જાય છે અને શ્રીકૃષ્ણમાં તેનું મન તન્મય થાય છે. વાચક ચાહક મિત્રો,ચૈત્ર મહિનો એ અવતારી પુરુષ માસ ગણાય ભગવાન શ્રી રામ મહાવીર હનુમાનજી સાંઈ બાબા સ્વામી નારાયણ જેવા અનેક અવતારી આત્માઓ પૃથ્વી લોક પર અવતાર ધારણ કરી સંતુલન જાળવી ધરાને અડીખમ યોદ્ધા સમાન રાખી છે. જ્યારે પણ પૃથ્વી લોક પર પાપાચાર આરાજકતા વધ્યા ત્યારે આવા અવતારી આત્માઓ અનેરી પ્રેરણા લોકોને આપી છે.

# બોલીવુડની એક્ટ્રેસ ક્રિતી સેનન બીજી ઘણી અભિનેત્રીને કડી ટક્કર આપે છે

**લેટેસ્ટ લુક ખરેખર એટલો અદ્દભુત છે કે આ ફોટા અને વીડિયો જોઈને દરેકની આંખો ચોંકી ગઈ**

વારાણસીના નમો ઘાટ પર આયોજિત ઈવેન્ટમાં મનીષા મલ્હોત્રાએ ફેશન શોમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેણે રેમ્પ પર રણવીર સિંહ અને કૃતિ સેનનનો પરિચય કરાવ્યો. આ કપલ પહેલીવાર જોવા મળ્યું હતું. બંનેનો લુક એટલો અદભૂત હતો કે સંજય લીલા ભણસાલીની તમામ ફિલ્મો મનમાં તરવરવા લાગી.જેમ ભણસાલી તેમની ફિલ્મોમાં અભિનેત્રીઓને રાણી જેવો લુક આપે છે, મનીષ મલ્હોત્રાએ ક્રિતી સેનનને એ જ લુક આપ્યો હતો. આ માટે તેણે કૃતિ સેનનને લાલ રંગના લહેંગાથી સજાવ્યો હતો. જ્યાં તે કોઈ રાણીથી ઓછી દેખાતી નહોતી. કૃતિ સેનનની આ શૈલીએ દીપિકા પાદુકોણ અને પ્રિયંકા ચોપરાના શાહી દેખાવને ઢાંકી દીધો છે.કૃતિ સેનનના લુકની વાત કરીએ તો તે લાલ બનારસી લહેંગામાં જોવા મળી રહી છે. આંગળીઓ પર લાલ મહાવર પહેરવામાં આવ્યો છે અને ફૂલોની ગોઠવણી સાથે આ દેખાવને પણ વધારવામાં આવ્યો છે.રણવીર સિંહ અને કૃતિ સેનને આજ સુધી કોઈ ફિલ્મમાં સાથે કામ કર્યું નથી. પરંતુ મનીષ મલ્હોત્રાએ ચોક્કસપણે રેમ્પ પર તેમની તાજી જોડીનો સંકેત આપ્યો છે. બંનેને એકસાથે જોઈને લોકો કહેવા લાગ્યા કે જો તેઓ એકસાથે ફિલ્મ કરશે તો તેઓ ખૂબ જ સુંદર લાગશે.ગંગા ઘાટ પર યોજાયેલા આ કાર્યક્રમનું નામ ધરોહર કાશી કી હતું. જ્યાં ૨૦ દેશોના રાજદૂતોએ પણ ભાગ લીધો હતો. બનારસના વણકરોની કારીગરીને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. મીડિયા સાથે વાત કરતા રણવીર સિંહ અને કૃતિ સેનને બનારસ આવવાનો અનુભવ પણ શેર કર્યો. જ્યાં તેણે જણાવ્યું કે તે કાશી આવતા ખૂબ જ સકારાત્મક જણાયા. બંનેએ બાબા વિશ્વનાથના દરબારમાં પણ હાજરી આપી હતી. તેઓ ૨૦ મિનિટથી વધુ સમય સુધી મંદિરમાં રહ્યા હતા.



# ભાઈને કારણે બરબાદ થઈ ગયો, એવી તંગી આવી કે અર્થી લઈ જનાર કોઈ નહોતું

**લોકપ્રિય અભિનેતા કે જેમણે ૬૦ રૂપિયાની નોકરીથી પોતાની કારકિદીની શરૂઆત કરી હતી**

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના તે પીઢ અભિનેતા, જેમણે પોતાની કારકિદીની શરૂઆતમાં નાની-નાની ભૂમિકાઓ દ્વારા પોતાની ઓળખ બનાવી હતી, પરંતુ જ્યારે તે ઈન્ડસ્ટ્રીમાં છવાયા તો એવા છવાયા કે તેમણે સતત ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું. જોકે તેમના પિતા ઈચ્છતા ન હતા. તેમ છતાં તેમણે અભિનયની દુનિયામાં આવીને પોતાની અલગ ઓળખ બનાવી. અમે અહીં જે અભિનેતાની વાત કરી રહ્યા છીએ તેમના પિતા રાયબહાદુર મોતીલાલ વ્યવસાયે વકીલ હતા. તેઓ ક્યારેય ઈચ્છતા ન હતા કે તેમનો પુત્ર અભિનયની દુનિયામાં આવે. પરંતુ તેમના નસીબમાં એક્ટર બનવાનું લખાયેલું હતું અને તેમના સમયમાં તેમણે વર્ષો સુધી ઈન્ડસ્ટ્રી પર રાજ કર્યું. પરંતુ એક ભૂલે તેમની સારી રીતે બનેલી કારકિદીને બરબાદ કરી દીધી. એક ઝાટકે અભિનેતાની કારકિદી અટકી ગઈ.હિન્દી સિનેમાના



એ પીઢ અભિનેતા બીજું કોઈ નહીં પણ ભારત ભૂષણ હતા. અભ્યાસ પૂરો થતાં જ તે મુંબઈ આવી ગયા હતા. જોકે અહીં તેમણે શરૂઆતમાં સંઘર્ષ કર્યો હતો. પરંતુ દિગ્દર્શક મહેબૂબ ખાનની ભલામણ પર તેઓ દિગ્દર્શક રામેશ્વર શર્માને મળ્યા જે તે સમયે ફિલ્મ 'ભક્ત કબીર' પર કામ કરી રહ્યા હતા. આ પછી રામેશ્વરે તેમને ફિલ્મમાં કાશી નરેશનો રોલ પણ આપ્યો અને તેમને દર મહિને ૬૦ રૂપિયાની નોકરી પણ આપી. આ રીતે તેમની સિને કરિયરની શરૂઆત થઈ.ભારત ભૂષણે પોતાના કરિયરમાં ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું હતું. ૫૦-૬૦ના દાયકામાં તેઓ સ્ટારડમના એવા તબક્કામાં હતા જ્યારે તેઓ રાજ કપૂર અને દિલીપ કુમારને પણ સ્પર્ધા આપતા હતા. પોતાના કરિયરમાં ઘણી યાદગાર ફિલ્મો આપ્યા પછી, તેમણે પોતાના ભાઈની સલાહ પર આવી ભૂલ કરી, જેના પછી તેની કારકિદી બરબાદ થઈ ગઈ. તેમની કારકિદીની ટોચ પર ભરતે તેમના મોટા ભાઈ રમેશની સલાહને અનુસરી અને ફિલ્મો બનાવવા માટે એક મોટું પગલું ભર્યું. તેમણે તેમના સમયમાં ઘણી ફિલ્મોનું નિર્માણ પણ કર્યું. જેમાં તેમની બે ફિલ્મો બસંત બહાર અને બરસાત કી રાત પણ સુપરહિટ રહી હતી. ભરત હવે ફિલ્મી દુનિયામાં મોટું નામ બની ગયો હતો. પરંતુ દુઃખની વાત એ છે કે તેમણે બનાવેલી તમામ ફિલ્મો પાછળથી ફ્લોપ થવા લાગી અને તેમના જીવનમાં એક એવો સમય આવ્યો જ્યારે ભારત ભૂષણ દેવામાં ડૂબી ગયા હતા.

### મુનાવર ફારૂકી નહીં પણ

# આ બિગ બોસ વિનર બનશે રોહિત શેટ્ટીના શોનો ભાગ




બિગ બોસનો બીજો વિજેતા મુનાવર ફારૂકીની જગ્યાએ રોહિત શેટ્ટીના એડવેન્ચર રિયાલિટી શો 'ખતરો કે ખિલાડી ૧૪'માં પ્રવેશવા જઈ રહ્યો છે. તાજેતરમાં આ સેલિબ્રિટીને કલર્સ ચેનલ દ્વારા શોમાં ભાગ લેવા માટે સંપર્ક કરવામાં આવ્યો છે. જો બધું બરાબર રહ્યું તો ટૂંક સમયમાં આ સ્પર્ધકો કલર્સ ટીવીના આ મજેદાર રિયાલિટી શોમાં જોડાઈ શકે છે. રોહિત શેટ્ટી છેલ્લા ૯ સીઝનથી 'ખતરો કે ખિલાડી' સાથે જોડાયેલો છે. હોસ્ટ તરીકે આ તેની ૧૦મી સિઝન હશે. તેમની ટીમ અને ચેનલ આ ખાસ સિઝન માટે કેટલાક નવા ટ્વિસ્ટ પર કામ કરી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર આ સમાચાર વાયરલ થઈ રહ્યા છે કે મુનાવર ફારૂકી આ શોનો ભાગ નહીં બને. મુનાવરની જગ્યાએ 'બિગ બોસ સીઝન ૧૧'ની વિજેતા શિલ્પા શિંદેના શોનો ભાગ બની શકે છે. શિલ્પા શિંદે બની શકે છે શોનો ભાગ હકીકતમાં, આ પહેલા પણ મુનાવરને 'ખતરો કે ખિલાડી ૧૨' ઓફર કરવામાં આવી હતી. ચેનલે 'લોક અપ' વિજેતા સાથે કરાર પણ કર્યો હતો,પરંતુ વિઝામાં મુશ્કેલીના કારણે તેણે આ શોમાંથી ખસી જવું પડ્યું હતું. આ જ કારણ છે કે મુનાવરે બે મહિના પહેલા શોમાં ભાગ લેવાની ના પાડી દીધી હતી. તાજેતરમાં કલર્સ ટીવીએ 'ભાભી જી ઘર પર'ની અસલ 'અંગૂરી ભાભી' એટલે કે શિલ્પા શિંદેને 'ખતરો કે ખિલાડી સીઝન ૧૪'નો ભાગ બનવા માટે સંપર્ક કર્યો છે. શિલ્પા પણ આ શોમાં જોડાવા આતુર છે. જો બધું બરાબર રહ્યું તો શિલ્પા રોહિત શેટ્ટીના શોનો ભાગ બની શકે છે.અત્યાર સુધી કલર્સ ટીવીના એડવેન્ચર રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી'ની ૧૪મી સીઝનમાં ભાગ લેનારા સેલિબ્રિટીની યાદીમાં નિમ્રિત કૌર અહલુવાલિયા, હેલી શાહ, અભિષેક કુમાર, મન્નારા ચોપરા, અભિષેક મલ્હાન, શોએબ ઈબ્રાહિમ, મનીષા જેવા ઘણા મોટા નામ સામેલ છે. રાની અને વિવેકના નામ સામેલ કરવામાં આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સ્પર્ધકો સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા.

### એપી ઢિલ્લોનની આ હરકતથી ચાહકો નારાજ

# લાઈવ કોન્સર્ટમાં પંજાબી સિંગરે પછાડીને તોડ્યું ગિટાર

**જેમાં રેપર એપી ઢિલ્લોન પરફોર્મન્સ દરમિયાન સ્ટેજ પર અચાનક તેનું ગિટાર પછાડવાનું શરૂ કરે છે**

'દિલ નુ', 'બ્રાઉન મુંડે', 'વિથ યુ' અને 'સાડા પ્યાર' જેવા હિટ ગીતો આપનાર ફેમસ પંજાબી સીંગર અને રેપર એપી ઢિલ્લોનને કોણ નથી જાણતું. પંજાબના ગુરદાસપુરના રહેવાસી એપી ઢિલ્લોને દુનિયાભરમાં પોતાના રેપથી ઘણું નામ કમાયું છે. લોકો તેના ગીતો પર ડાન્સ કરતા પોતાને રોકી શકતા નથી. વર્ષ ૨૦૨૦ માં, એક ગીતે એપી ઢિલ્લોનનું જીવન બદલી નાખ્યું, જેના પછી હવે સમગ્ર વિશ્વમાં તેના કરોડો ચાહકો છે. ઢિલ્લોન એક સેલ્સમેનમાંથી સિંગર બન્યો અને ઘણી નામના કમાઈ. એ ઢિલ્લોનના ગીતો દરરોજ હેડલાઈન્સમાં રહે છે, પરંતુ આ સમયે એપી ઢિલ્લોનનો એક વીડિયો સામે આવ્યો છે જેને જોઈને ચાહકો તેના પર નારાજ થઈ રહ્યા છે. એક કોન્સર્ટ દરમિયાન એપી ઢિલ્લોને તેના જ ગિટારને નીચે પછાડી પછાડીને તોડી કાઢ્યું અને આ જોઈ ફેન્સ તેના પર ભડકી ઉઠ્યા કે સફળતા શું મળી કે હવે ગાયકીનું જ અપમાન કરવા લાગ્યો.ખરેખર, તાજેતરમાં જ એપી ઢિલ્લોને સોશિયલ મીડિયા પર કોચેલા ૨૦૨૪ ફેસ્ટિવલમાં તેના પ્રદર્શનનો એક વીડિયો શેર કર્યો છે.



આ વીડિયોમાં એપી ઢિલ્લોનના હાથમાં ગિટાર લઈને ખૂબ જ શાનદાર અંદાજમાં સ્ટેજ પર પરફોર્મ કરતો જોવા મળે છે. પરંતુ કૂલ બનવા માટે, એપી ઢિલ્લોને કંઈક એવું કર્યું કે હવે તેના ચાહકો તેને ટ્રોલ કરતા જોવા મળી રહ્યા છે. વીડિયોમાં તમે જોઈ શકો છો કે ગાતી વખતે એપી ઢિલ્લોન અચાનક સ્ટેજ પર પોતાનું ગિટાર સ્ટેજ પર પછાડવા લાગે છે અને તેને પછાડી પછાડીને તોડી નાખે છે. હવે એપી ઢિલ્લોનના ચાહકોને ગાયકની આ ક્રિયા પર ગુસ્સો દર્શાવી રહ્યા છે, ત્યારબાદ યુઝર્સે તેના વીડિયો પર કોમેન્ટ કરીને તેને ટ્રોલ કરવાનું શરૂ કર્યું. એપી ઢિલ્લોનના આ વીડિયો પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું. જે વસ્તુ તમને અહીં લાવ્યુ ભાઈ તેનું તો સન્માન કરો. આમાં તમારું નુકસાન છે', એક યુઝરે લખ્યું છે. 'આમ કરવુ તમારા જેવા ગાયકને શોભા નથી આપતુ'. આ વીડિયો પર કોમેન્ટ કરતી વખતે એક યુઝરે લખ્યું છે. 'તમારે આવું કેમ કરવું પડ્યું!' કેટલાક યુઝર્સ દિલજીત દોસાંઝને એપી કરતા સારો સિંગર કહેતા જોવા મળે છે. હાલ એપી ઢિલ્લોનનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. આ વીડિયોને ૮ કલાકની અંદર ૧.૬ મિલિયન વ્યૂઝ મળ્યા છે.



## કપિલ વૈષ્ણોદેવી મંદિરમાં ભજન ગાઇને માની ભક્તિમાં થયો લીન



### આઈપીએલની પહેલી સ્પોર્ટ્સ એન્કર

# મંદિરા બેદી પર વર્ષની ઉંમરે પણ સ્લિમ બોડી ફિગર માટે જાણીતી

**અભિનેત્રી મંદિરા બેદી આટલી ઉંમરે પણ એકદમ ફીટ**

મંદિરા બેદીનો જન્મ કલકત્તામાં વેરિન્દર સિંહ અને ગીતા બેદીને ત્યાં થયો હતો. તેનો મોટો ભાઈ બેંકમાં છે. ૫૨ વર્ષની ઉંમરે પણ તે તેના ફિટ અને સ્લિમ બોડી ફિગર માટે જાણીતી છે. તો ચાલો આજે તેના પરિવાર વિશે વાત કરીએ. મંદિરા બેદી એક્ટિંગ, મોડલિંગ, ફેશન ડિઝાઈનિંગની સાથે -સાથે ટીવી પર પણ જોવા મળે છે. મંદિરા બેદી ૯૦માં આવેલા ટીવી શો શાંતિમાં એક સિંપલ છોકરીનું પાત્ર નિભાવ્યું હતુ. ત્યાંથી તેમને ઘરે ઘરે ઓળખ મળી.મંદિરા બેદીએ શાહરુખ ખાનથી લઈ કાજોલની ફિલ્મ દિલવાલે દુલ્હનિયા લે જાયેગેમાં પણ કામ કર્યુ છે. તેના પાત્રને પણ લોકોએ ખુબ પસંદ કર્યુ હતુ. ત્યારબાદ અનેક ટીવી સીરિયલમાં પણ જોવા મળી હતી.તેમણે બોમ્બેની કેથેડ્રલ અને જ્હોન કોનન સ્કૂલમાં તેમનું શાળાકીય શિક્ષણ મેળવ્યું હતું અને સેન્ટ ઝેવિયર્સ કોલેજ, બોમ્બેમાંથી સ્નાતક થઈ હતી. ત્યારબાદ, તેણે બોમ્બેની સોફિયા પોલીટેકનિક કોલેજમાંથી પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું. મંદિરા બેદીએ ૧૪ ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ રાજ કૌશલ સાથે લગ્ન કર્યા હતા. મંદિરા બેદીએ ૧૯ જૂન ૨૦૧૧ના રોજ મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં વીર નામના છોકરાને જન્મ આપ્યો હતો. ૨૦૧૩માં બેદી અને તેના પતિએ એક છોકરીને દત્તક લેવા માટે અરજી કરી હતી. ૨૮ જુલાઈ ૨૦૨૦ ના રોજ, તેઓએ ૪ વર્ષની છોકરીને દત્તક લીધી અને તેનું નામ તારા બેદી કૌશલ રાખ્યું.બોલિવુડ અભિનેત્રી મંદિરા બેદી પોતાના જીવનનો સૌથી મુશ્કિલ સમયનો સામનો કરી રહી છે.તે હિન્દુ ધર્મમાં માને છે. તેની નાભિની નીચે ઓમનું ટેટૂ છે જે વિષ્ણુની નાભિમાંથી બ્રહ્માંડના જન્મનું પ્રતીક છે. મંદિરા બેદી એક ફેશન ડિઝાઈનર છે અને તે સાડીઓ ડિઝાઈન કરે છે. સાથે પોતાની ફિટનેસનું પણ આટલું જ ધ્યાન આપે છે, તમને જણાવી દઈએ કે, મંદિરા બેદી એક પ્રખ્યાત ટીવી એન્કર પણ છે. એન્કર તરીકે આઈપીએલ સીઝન-૩ પણ કવર કરી છે. આ સમયગાળા દરમિયાન મંદિરા બેદીની ફેશન સ્ટાઈલ અને સાડીનો દેખાવ ખૂબ જ લોકપ્રિય બન્યો હતો.૩૦ જૂન ૨૦૨૧ના રોજ રાજ કૌશલનું ૪૯ વર્ષની ઉંમરમાં સવારે હાર્ટ અટેકને કારણે અવસાન થયું હતું.બંનેને દીકરો વીર છે. રાજ તથા મંદિરાએ દીકરી તારા દત્તક લીધી હતી. મંદિરા બેદી તેના પતિને ખુબ જ મિસ કરે છે અને સોશિયલ મીડિયા પર પોસ્ટ પણ કરતી રહે છે.આ અભિનેત્રીએ ટીવી સિરીયલ, બોલિવુડની ફિલ્મો અને જાહેરાતમાં કામ કર્યુ સાથે તેમણે આઈપીએલની સીઝન પણ હોસ્ટ કરી હતી. સૌને ચોંકાવી દીધા કે, અભિનેત્રી એક્ટિંગ સિવાય પણ અન્ય કામ સારી રીતે કરી શકે છે.મંદિરા બેદી લગ્ઝરી લાઈફ સ્ટાઈલ જીવે છે . મંદિરા તેની કારકિદીના શરૂઆતના દિવસોમાં ભાડાના મકાનમાં રહેતી હતી. આજે તે આલીશાન બંગલામાં રહે છે. અભિનેત્રીના બંગલાનું નામ 'રમા' છે. આ સિવાય મંદિરા પાસે ઘણી મોંઘી કારોનું કલેક્શન પણ છે. મંદિરા બેદીની કુલ સંપત્તિ લગભગ ૧૮ કરોડ રૂપિયા છે.



### અપર્ણાનો દાવો તેની દિકરીને જાહેરમાં સ્વીકારે

# એક પ્રેસ કોન્ફરન્સમાં અપર્ણા ઠાકુરનો ભોજપુરી એક્ટર રવિ કિશનની બીજી પત્ની હોવાનો દાવો

**અપર્ણા ઠાકુર નામની મહિલાએ લખનઉંમાં પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જ્યાં તેણે દાવો કર્યો હતો કે તે રવિ કિશનની બીજી પત્ની છે**

ભોજપુરી એક્ટર અને ગોરખપુરના બીજેપી સાંસદ રવિ કિશન મુશ્કેલીમાં હોય તેમ લાગી રહ્યું છે. લોકસભા ચૂંટણી પહેલા એક મહિલાએ દાવો કર્યો છે કે તે રવિ કિશનની બીજી પત્ની છે અને રવિથી તેમને એક પુત્રી પણ છે. આ મહિલાનું નામ અપર્ણા ઠાકુર જણાવવામાં આવી છે અને તે બીજેપી સાંસદ પાસે પોતાની પુત્રીને સ્વીકારવાની માગ કરી રહી છે. જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ખુબ જ વાયરલ થઈ રહ્યો છે.અપર્ણાએ સોમવારે લખનઉમાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં તેણે કહ્યું હતું કે તે રવિ કિશનની પત્ની છે અને બંનેના લગ્ન વર્ષ ૧૯૯૬માં મુંબઈમાં થયા હતા, જેમાં બંનેના પરિવારજનો અને ખાસ મિત્રો પણ સામેલ થયા હતા. અપર્ણા કહે છે કે બંનેને એક દીકરી છે. તે ઈચ્છે છે કે રવિ કિશન તેને સામાજિક



રીતે સ્વીકારે. જો રવિ કિશન આમ નહીં કરે તો મહિલાએ કહ્યું છે કે તે ન્યાય માટે કોર્ટનો સંપર્ક કરશે.આ સાથે તેણે આ સાથે તેણે યોગી આદિત્યનાથને ન્યાયની અપીલ કરી છે. તમને જણાવી દઈએ કે આ કોન્ફરન્સમાં મહિલાની પુત્રી પણ હાજર હતી અને તેણે એવો પણ દાવો કર્યો છે કે રવિ તેના પિતા છે અને તેને મળવા પણ આવતો હતો. અપર્ણાની પુત્રીએ કહ્યું કે તેને ક્યારેય તેના પિતાનો પ્રેમ મળ્યો નથી, રવિ કિશન તેને મળવા ઘરે જતો હતો અને થોડા સમય પછી પાછો જતો હતો, તે તેની સાથે રહ્યો નહોતો. તેણીએ કહ્યું, "મેં તેમની સાથે ઘણી વખત વાત કરી પરંતુ તેઓએ મને ક્યારેય મદદ કરી નહીં, છેલ્લી વખતે મને ૧૦ હજારની જરૂર હતી, મેં પૈસા માંગ્યા પરંતુ તેઓએ મને પૈસા આપ્યા નહીં." તેણે કહ્યું કે તે હિરોઈન બનવા માંગતી હતી, પરંતુ રવિ કિશને તેની મદદ ન કરી. તેણી લારા દત્તા સાથે એક ફિલ્મમાં કામ કર્યુ છે.અપર્ણાએ કહ્યું કે, રવિ કિશનને તે વર્ષ ૧૯૯૫માં મળી જ્યારે તે પત્રકારત્વનો અભ્યાસ કરી રહી હતી. બંનેએ એક વર્ષ પછી લગ્ન કરી લીધા. અપર્ણા કહે છે કે રવિ કિશન હજી પણ તેના સંપર્કમાં છે, પરંતુ તે આ સંબંધ અને તેમની પુત્રીને જાહેરમાં સ્વીકારવા માંગતો નથી. મહિલાનો વીડિયો ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જો કે અભિનેતા અને રાજનેતા રવિ કિશન તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી. ફિલ્મ અભિનેતા કમાલ રાશિદ ખાન ઉર્ફે કેઆરકેએ દાવો કર્યો છે કે અપર્ણા પાસે તેની પુત્રીનો ડીએનએ રિપોર્ટ છે અને તે તેને લઈને કોર્ટમાં જશે.

# ઝાલોદ નગરની હેલ્થ કેર લેબોરેટરીમા અંદાજીત બે લાખની રોકડ રૂપિયાની ચોરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ નગરમાં રાધિકા હોસ્પિટલની પાસે હેલ્થ કેર લેબોરેટરી આવેલ છે. આ લેબોરેટરીમા સફાઈ કામદાર સવારે આવતા લેબોરેટરીના તાળા ખોલવા જતા શટરને કોઈ તાળું ન જોવાતા કામદાર દ્વારા લેબોરેટરી સંચાલક આલોક હાંડાને આ વાતની જાણકારી આપી હતી. લેબોરેટરી સંચાલક આવતા તેમણે શટરને તાળું ન જોવાતા ચોરીની શંકા થયેલ હતી ત્યારબાદ શટર ખોલતા અંદર એલ્યુમિનિયમ સેક્શનના દરવાજાનું પણ તાળું તૂટેલું જોવા મળેલ હતું. ચોરીની શંકા વધુ દૃઢ થતાં અંદર જઈ રોકડ મુકેલ ડ્રોવર પણ તૂટેલું જોયું અને તેના અંદર મુકેલ અંદાજીત બે લાખ જેટલી રોકડ રકમ ચોરાઈ હોવાનું જણાઈ આવેલ હતું. ચોરો દ્વારા રોકડ રકમ અને શટરને મારેલ તાળા લઈ ગયેલ હોવાનું માલુમ પડેલ છે. લેબોરેટરીમા મૂકેલ અન્ય કોઈ પણ વસ્તુ ચોરાયેલ નથી.

આ ચોરીની જાણ થતાં લેબોરેટરી સંચાલક દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશનમા જાણ કરવામાં આવી હતી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી પોતાના સોર્સ દ્વારા ચોરીની ઝીણવટ-ભરી તપાસ હાથ ધરેલ હોવાનું જાણ પડેલ છે. આ લેબોરેટરી પાસે રાધિકા હોસ્પિટલ અને ધૂન હોસ્પિટલ આવેલ છે ત્યાં ટ્રાફિક સતત જોવા મળે છે અને છતાંય ચોરી જે રીતે થયેલ છે તે જોતાં કોઈ જાણભેદુ હોવાની પ્રબળ સંભાવના જોવા મળે છે. હાલ તો દરેક વિષય પોલીસ તપાસમાં છે એટલે સાચું શું અને ખોટું શું તેનું કોઈ પણ આંકલન કરી શકાતું નથી.

# ભારતીય આર્થિક સેવાના પ્રોબેશનર્સે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

અધિકારીઓને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશના વિકાસમાં આર્થિક વૃદ્ધિ એ એક મહત્વપૂર્ણ ઘટક છે. મેક્રો અને માઈક્રો ઈકોનોમિક ઈન્ડિકેટર્સને પ્રોગ્રેસના ઉપયોગી પરિમાણો ગણવામાં આવે છે. તેથી સરકારી નીતિઓ અને યોજનાઓને અસરકારક અને ઉપયોગી બનાવવામાં અર્થશાસ્ત્રીઓની ભૂમિકા મહત્વની છે. રાષ્ટ્રપતિએ અધિકારીઓને જણાવ્યું કે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે તેઓએ તેમની ક્ષમતાઓને વધારવા અને તેનો સંપૂર્ણ ઉપયોગ કરવા માટે આવનારા સમયમાં અસંખ્ય તકો મળશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેઓ આ તકોનો યોગ્ય લાભ ઉઠાવીને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આર્થિક સેવા અધિકારીઓ પાસેથી આર્થિક વિશ્લેષણ અને વિકાસ કાર્યક્રમોની રચના તેમજ સંસાધન વિતરણ પ્રણાલીને મજબૂત કરવા અને યોજનાઓનું મૂલ્યાંકન કરવા માટે યોગ્ય સલાહ આપવાની અપેક્ષા રાખવામાં આવે છે. આ એક ખૂબ જ મહત્વપૂર્ણ જવાબદારી છે કારણ કે તેમના દ્વારા આપવામાં આવેલા સૂચનોના આધારે નીતિઓ નક્કી કરવામાં આવશે. રાષ્ટ્રપતિએ જણાવ્યું કે ડેટાના વિશ્લેષણ અને પુરાવા આધારિત વિકાસ કાર્યક્રમોના અમલીકરણથી સરકારને લોકોના આર્થિક ઉત્થાનને વેગ આપવામાં મદદ મળી છે. તેમણે જણાવ્યું કે યુવા IES અધિકારીઓની ફરજ છે કે તેઓ નવા વિચારો, પદ્ધતિઓ અને તકનીકો દ્વારા પોતાની કાર્યક્ષમતામાં વધારો કરે. તેમણે વધુમાં જણાવ્યું કે, તેમની સર્જનાત્મકતા આ ઝડપથી બદલાતા યુગમાં દેશ માટે પ્રગતિના નવા દરવાજા ખોલવામાં મદદ કરશે. રાષ્ટ્રપતિને તે જાણીને પ્રસન્નતા થઈ કે ૨૦૨૨ અને ૨૦૨૩ બેચના ૬૦ ટકાથી વધુ IES અધિકારીઓ મહિલા અધિકારીઓ હતા. તેમણે કહ્યું કે મહિલાઓની વધતી ભાગીદારી ભારતના સમાવેશી વિકાસના સંકલ્પને પૂર્ણ કરવામાં મદદ કરશે. તેમણે મહિલા અધિકારીઓને મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કામ કરવા અનુરોધ કર્યો હતો. રાષ્ટ્રપતિએ યુવા અધિકારીઓને નીતિ સંબંધિત સૂચનો આપતી વખતે અથવા તેમના કાર્યસ્થળ પર કોઈ નિર્ણય લેતી વખતે દેશના ગરીબ અને પછાત વર્ગના હિતને ધ્યાનમાં રાખવાની સલાહ આપી હતી.

# ભારતીય તટરક્ષક દળે કારવારથી ફસાયેલી ફિશિંગ બોટને બચાવી લીધી



। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૭ ।

ભારતીય તટરક્ષક દળ (આઈસીજી)એ ૧૬ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ભારતીય ફિશિંગ બોટ (આઈએફબી) રોઝરીને સફળતાપૂર્વક બચાવી લીધી હતી, જેને કર્ણાટકના કારવારથી લગભગ ૨૧૫ નોટિકલ માઈલ દૂર એન્જિનની નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો હતો. આઈસીજી જહાજ સાવિત્રીબાઈ ફૂલેએ ૧૩ એપ્રિલ, ૨૦૨૪ના રોજ આઈએફબી રોઝરીના આપત્તિજનક કોલનો ઝડપી જવાબ આપ્યો હતો અને ટૂંક સમયમાં જ, પ્રતિકૂળ સમુદ્રની પરિસ્થિતિઓ વચ્ચે બોટ સાથે સંદેશાવ્યવહાર સ્થાપિત કર્યો હતો.

તેના આગમન પર, આઈસીજી જહાજની બોર્ડિંગ ટીમે જપ્ત કરેલા એન્જિનને ઠીક કરવાના પ્રયત્નો કર્યા હતા, તે પહેલાં બોટને સ્થિર કરવામાં આવી હતી. એ પછી મત્સ્યોદ્યોગ વિભાગના સહયોગથી કોસ્ટગાર્ડ ડિસ્ટ્રિક્ટ હેડક્વાર્ટર્સ (કર્ણાટક)ની મદદથી ફિશિંગ બોટને કારવાર તરફ લઈ જવામાં આવી હતી. તેને આઈએફબી શ્રી લક્ષ્મી નારાયણને સોંપવામાં આવ્યું હતું, જે તેને સુરક્ષિત રીતે કારવાર બંદરે લઈ ગયા હતા.

# ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં ૮ ઉમેદવારી પત્રોનું વિતરણ થયું

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

ગાંધીનગર સંસદીય મતદાર વિભાગ માટે તા.૧૨ મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ ચૂંટણી નોટિસ જાહેર થતાં ઉમેદવારી પત્રો આપવાનો અને ભરાયેલ ઉમેદવારી પત્ર સ્વીકારવાનો આરંભ થયો છે. આજે ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં ૦૮ ઉમેદવારી પત્રોનું વિતરણ કરવામાં આવ્યું છે. ૧૫ ઉમેદવારી પત્ર ભરાઈ પાછા આવ્યા છે, તેવું જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેએ જણાવ્યું છે. ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ સમગ્ર લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે સુચારું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં તા. ૧૨/૦૪/૨૦૨૪થી ઉમેદવારી પત્ર આપવા અને ભરાયેલ ઉમેદવારી પત્ર સ્વીકારવાનો આરંભ થયો છે. ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાંથી ચૂંટણી લડવા માટે તા. ૧૬મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ ૦૮ ઉમેદવારોએ કોરા ફોર્મ મેળવ્યા છે. ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં ૧૫ ઉમેદવારે પોતાના ઉમેદવારી ફોર્મ આજે ભર્યા છે. આજે ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં તનવીરૂદીન ઈલ્મુદીન શેખ (અપક્ષ ) સોનલ રમણભાઈ પટેલ (ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ), બિના પંકજભાઈ રાવલ (ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ), નરેશ પ્રિયદર્શી (અપક્ષ), પરીખ રાજીવભાઈ કલાભાઈ(અપક્ષ), રાહુલ ચીમનભાઈ મહેતા (રાઈટ ટુ રિકોલ પાર્ટી), નિમેષભાઈ પટેલ (ગુંજ સત્યની જનતા પાર્ટી), જયેન્દ્ર કરશનભાઈ રાઠોડ (અપક્ષ), જીતેન્દ્રસીંઘ રામનરેશસીંઘ ચૌહાણ (અખિલ ભારતીય પરિવાર પાર્ટી), પરેશકુમાર મુલાણી (ભારતીય રાષ્ટ્રીય દળ), પગી રાકેશકુમાર ગણપતભાઈ (આપકી આવાઝ પાર્ટી), સુરેન્દ્રભાઈ કેશવલાલ શાહ (અપક્ષ), પોતાનું ફોર્મ ભરીને જમા કરાવ્યું છે.

# સેપ્ટ યુનિવર્સિટીમાં 'મતદાન જાગૃતિ' અભિયાન કાર્યક્રમ યોજાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત અનેક યુનિવર્સિટી-ઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં 'મતદાન જાગૃતિ' અંગેના વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. 'કેમ્પ એટ કેમ્પસ' અભિયાન અંતર્ગત શહેરમાં આવેલ સેપ્ટ યુનિવર્સિટીમાં 'મતદાન જાગૃતિ' અભિયાન અંગેના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જ્યાં યુવાનોને મતદાન પર્વના મહત્ત્વ વિશેની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર ઉપસ્થિત સૌ લોકોને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટ-ણી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. વધુમાં સૌ લોકોને ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ તમામ વ્યવસ્થાઓ, હેલ્પલાઈન નંબર, સક્ષમ એપ્લિકેશન વિશે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

'મતદાન જાગૃતિ'ના આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ યુવાનોએ 'દસ મિનિટ દેશ માટે'નો સંકલ્પ લઈ અચૂક મતદાનના શપથ લીધા હતા. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ પ્રકારના કાર્યક્રમો થકી યુવાનોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહતમ લોકો મતદાન કરે, તે દિશામાં જિલ્લા ચૂંટણી તંત્ર કાર્યરત છે.

# ભારતીય રેલ્વેના ૧૭૧માં જન્મદિનની મણીનગર રેલ્વે સ્ટેશન બહાર ભવ્ય ઉજવણી કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

રેલ્વે ભારતના અર્થતંત્ર માટે કરોડરજ્જુ સન્માન છે, આજના સમયમાં રેલ્વે એક સ્થળે થી બીજા સ્થળે જવા અનિવાર્ય સાધન પુરવાર થયું છે, રેલ્વે ની સુવિધા ના કારણે નાગરિકો આરામદાયક અને સલામત મુસાફરી કરી શકે છે અને માલસામાન ની પણ હેરફેર થાય છે, ૧૬ મી એપ્રિલ ૧૮૫૩ ના રોજ સર્વ પ્રથમ રેલ્વે ટ્રેન મુંબઈ થી બોરીબંદર થાણા થી શરૂ થઈ હતી ભારતના રેલ્વે શરૂ થયાના ૧૭૧ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે મણીનગર રેલ્વે સ્ટેશન ની બહાર મણીનગર ખાતે ઓલ ગુજરાત રેલ્વે પેસેન્જર એસોસિયેશનના પ્રમુખ જ્યોર્જ ડાયસની આગેવાની હેઠળ આજ રોજ એટલે કે તારીખ ૧૬ એપ્રિલ ૨૦૨૪ ને મંગળવારે સાંજે ૫ : ૩૦ કલાકે કેક કાપી, પ્રવાસીઓ ને પુષ્પગુચ્છ થી સ્વાગત કરી મીઠાઈ-કેક ખવડાવી અને ફટાકડા ફોડી આતિશબાજી કરી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી,

આ ભવ્ય ઉજવણી કાર્યક્રમમાં મણીનગર ખાતે જ્યોર્જ ડાયસ, પ્રભાતસિંહ રાજપુત, સંતોશ સોની, અજય કહાર, સુરેન્દ્રસિંહ ક્ષત્રિય, દુરઈ સ્વામી ગ્રામીણ, સંદીપ યાદવ, મહેન્દ્ર બીજવા, ભદ્રેશ મેકવાન,અરુણ પવાર, અરવિંદ પટેલ,પાર્થ કોસ્ટી વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ પોલીસ સ્ટેશનમાં રામનવમી નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

તારીખ ૧૭-૦૪-૨૦૨૪ ગુરુવારના રોજ રામનવમીનો ઉત્સવ સનાતન હિન્દુ ધર્મ સમિતિ દ્વારા ધામધૂમથી ઉજવવામાં આવનાર છે. આ ઉત્સવને અનુરૂપ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ નગરમાં સદભાવના સાથે ભાઈચારો જળવાઈ રહે તે માટે ઝાલોદ નગરના પી.એસ.આઈ એમ.એમ.માળીની અધ્યક્ષતા હેઠળ શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. પોલીસ દ્વારા આયોજક સમિતિ પાસે શાંતિ જળવાઈ રહે તે



રીતે શોભાયાત્રા કાઢવા માટે કહેવાયું તે અંતર્ગત સનાતન હિન્દુ ધર્મ સમિતિ દ્વારા પણ કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે રીતે શોભાયાત્રા કાઢવાની બાંહેધરી આપવામાં આવી હતી.

# ફરજ પરના કર્મચારીઓના મતદાન માટેના પોસ્ટલ બેલેટની આપ-લે માટે અમદાવાદ ખાતે સ્ટેટ એક્સચેન્જ મેળો યોજાશે

। (એજન્સી) અમદાવાદ/ગાંધીનગર, તા.૧૭ ।

ચૂંટણી ફરજમાં રોકાયેલા સરકારી કર્મીઓ મતાધિકારથી વંચિત ન રહી જાય તે માટે ચૂંટણી પંચ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાનની સુવિધા આપવામાં આવે છે. પોલીંગ સ્ટાફ, પોલીસ અને અન્ય કર્મચારીઓ તથા સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ સહિતના ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન કરવા માટે ભરવામાં આવેલા ફોર્મ-૧૨ તેમના સંબંધિત મત વિભાગના ચૂંટણી અધિકારીઓને સુપ્રત કરવા માટે રાજ્યકક્ષાએ એક્સચેન્જ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, અમદાવાદના પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરીયમ ખાતે તા.૧૮.૦૪.૨૦૨૪ ના રોજ યોજાનાર રાજ્યકક્ષાના આ એક્ષચેન્જ મેળામાં રાજ્યના ૩૩ જિલ્લાના પોસ્ટલ નોડલ અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહી પરસ્પર ફોર્મ-૧૨ ની આપ-લે કરશે.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪નું જાહેરનામું પ્રસિદ્ધ થયા બાદ ગુજરાતમાં ભરાયેલા ઉમેદવારી પત્રોની વિગતો આપતા શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, તા.૧૫ એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં ગુજરાતમાં સમાવિષ્ટ ૨૬ લોકસભા મતવિભાગોની સામાન્ય ચૂંટણી માટે કુલ ૩૧ ઉમેદવારી પત્રો મળ્યા છે. જ્યારે વિજાપુર, પોરબંદર, માણાવદર, ખંભાત અને વાઘોડિયા એમ કુલ ૦૫ વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણી માટે ૪ ઉમેદવારી પત્ર મળ્યું છે. તા.૧૯ એપ્રિલ, ૨૦૨૪ સુધી જાહેર રજા સિવાયના દિવસોમાં સવારે ૧૧ વાગ્યાથી બપોરના ૦૩ વાગ્યા દરમિયાન ઉમેદવારી પત્રો રજૂ કરી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા.૨૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સવારે ૧૧ કલાકે હાથ ધરવામાં આવશે. માન્ય થયેલા ઉમેદવાર ઈચ્છે તો તા.૨૨ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ બપોરે ૦૩ વાગ્યા સુધીમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે.

**ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ**

રાજ્યમાં ૨૭ જનરલ ઓબ્ઝર્વર, ૨૮ એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર્સ અને ૧૪ પોલીસ ઓબ્ઝર્વરની નિમણૂંક કરવામાં આવી છે. ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફ્લાઈંગ સ્કવોર્ડ્સ તથા ૧,૨૦૩ સ્ટેટીક સર્વેલન્સ ટીમ્સ દ્વારા અત્યાર સુધીમાં રૂ. ૭.૮૭ કરોડ રોકડ, રૂ. ૧૩.૦૨ કરોડની કિંમતનો ૪.૪૨ લાખ લીટર જેટલો દારૂ, રૂ. ૨૯.૧૬ કરોડની કિંમતનું ૫૯.૩૬ કિલો સોનું અને ચાંદી, રૂ.૧.૮૬ કરોડની કિંમતના ૭૧૮ કિલો પ્રતિબંધિત નશાકારક પદાર્થો તથા મોટર-કાર, મોટર સાઈકલ, સીગારેટ, લાઈટર અને અખાદ્ય ગોળ સહિતની રૂ. ૪૪.૫૪ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂ. ૯૬.૪૫ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

**ફરિયાદ નિવારણ**

c-VIGIL (સી-વીજીલ) મોબાઈલ એપ પર તા.૧૬/૦૩/૨૦૨૪ થી તા.૧૪/૦૪/૨૦૨૪ સુધી આદર્શ આચારસંહિતાના ભંગ અંગે કુલ ૨,૦૫૮ ફરિયાદો મળી છે. ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર આ તમામ ફરિયાદોનો તાત્કાલિક યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

National Grievance Services Portal પર તા.૧૬/૦૩/૨૦૨૪ થી તા.૧૪/૦૪/૨૦૨૪ સુધી મતદાર ઓળખપત્ર (EPIC) અંગેની ૭,૧૧૭, મતદાર યાદી સંબંધી ૬૫૮, મતદાર કાપલી સંબંધી ૧૮૪ તથા અન્ય ૧,૭૮૧ મળી કુલ ૯,૭૪૦ ફરિયાદો મળી છે. આ ઉપરાંત, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી ખાતે કાર્યરત કંટ્રોલ રૂમના હેલ્પ લાઈન નંબર ઉપર તા.૧૬/૦૩/૨૦૨૪થી આજદિન સુધીમાં કુલ ૧૪૪ ફરિયાદો મળી છે, જે તમામનો પણ ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે. સાથે સાથે કચેરીમાં મીડિયા મારફતે ૧૬ તથા ટપાલ અને ઈ-મેઈલ દ્વારા રાજકીય પક્ષો લગત ૧૨, ચૂંટણી પંચ સંબંધી ૪૨ તથા અન્ય ૪૧૭ મળી કુલ ૪૮૭ ફરિયાદો મળી છે.

**આદર્શ આચારસંહિતા**

તા.૧૬/૦૩/૨૦૨૪થી તા.૧૪/૦૪/૨૦૨૪ સુધીમાં સમગ્ર રાજ્યમાં નિયમાનુસારની કાર્યવાહી કરીને સરકારી મિલકતો પરથી કુલ ૧,૬૫,૩૮૨ તથા ખાનગી મિલકતો પરથી કુલ ૬૦,૮૭૨ રાજકીય પ્રચાર અર્થેના પોસ્ટર-બેનરો તથા પ્રચાર-પ્રસાર સંબંધી જાહેરાતો દૂર કરવામાં આવી છે.

**ટર્નઆઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (TIP) અને SVEEP અંતર્ગત મતદાન જાગૃતિ**

લોકસભાની સામાન્ય ચૂંટણીમાં તમામ વર્ગના મતદારોની સહભાગિતા વધે અને વધુમાં વધુ મતદારો મતદાન કરે તે માટે જાગૃતિ કેળવવા રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે અં-તર્ગત First Time Voters માટે કોલેજમાં મતદાન જાગૃતિના કેમ્પ તથા કેમ્પસ એમ્બેસેડર્સની નિમણૂંક, મહિલા મતદાન જાગૃતિ માટે આંગણવાડી ખાતે બેઠક, ઈન્ડસ્ટ્રીઝમાં વોટર અવેરનેસ ફોરમ દ્વારા મતદાર જાગૃતિ અને સવેતન રજા અંગેની બેઠક, જિલ્લા અને રાજ્ય કક્ષાએ મતદાન જાગૃતિ માટે MoU તથા સોશિયલ મીડિયા દ્વારા મતદાન જાગૃતિ માટે ઈન્ફ્લુઅન્સર્સ તેમજ આઈકન્સ સાથે સહભાગિતા, સોસાયટી મિટિંગ્સ સહિતની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો. પ્રેમ જીવન આજે વિવાદાસ્પદ બની શકે છે. રચનાત્મક તથા તમારા જેવા જ વિચારો ધરાવતા લોકો સાથે હાથ મેળવો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તમારા નિર્ણયોમાં માતા-પિતાની મદદ તમને ખૂબ કામમાં આવશે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો. તમને લાભ થવાની શક્યતા છે- જો તમે તમારા વિચારો યોગ્ય રીતે રજૂ કરશો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. જમીનને લગતા મોટા સોદા પાર પાડવાની સ્થિતિમાં તમે હશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારા અનિશ્ચિત વર્તન છતાં જીવનસાથી સહકાર આપશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. ઘરમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરતા પૂર્વે તમારા વડીલોના સલાહ-સૂચન લો અન્યથા તેનાથી ગુસ્સો તથા નારાજગીને આમંત્રણ મળશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે. આજે તમે તમારા પ્રિયપાત્રનો પ્રેમ તમારી આસપાસ અનુભવશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટેન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટેન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.

**મકર (ખ,જ) :**

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દૃઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી બીમારી તમારી નાખુશીનું કારણ હોઈ શકે છે. પરિવારની ખુશી પુનઃસ્થાપિત કરવા તમારે આમાંથી બને એટલા ઝડપથી બહાર આવવાની જરૂર છે. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. તમારી મુલાકાતે આવેલા સંબંધીઓ તમે કલ્પના કરી છે એના કરતાં સારા નીકળી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ. કામના સ્થળે તમારી સફળતના માર્ગમાં જેઓ અંતરાય બની રહ્યા હતા, તેઓ આજે તમારી નજર સામે ગંભીર પડતીનો સામનો કરશે.

## ન્યુઝ બોક્ષ

### બ્રિટિશ હાઈકોર્ટે ધાર્મિક પ્રાર્થના પરના પ્રતિબંધને યથાવત રાખ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

શાળાના પ્રિન્સિપાલ કેથરીને કોર્ટને જણાવ્યું હતું કે, 'જેમ કે સંચાલક મંડળ વાકેફ છે, શાળા વિવિધ કારણોસર વિદ્યાથીઓને પ્રાર્થના રૂમ પ્રદાન કરતી નથી. પ્રાર્થના ખંડ વિદ્યાથીઓમાં વિભાજનને પ્રોત્સાહન આપશે જે શાળાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે, શાળામાં જગ્યા અને સ્ટાફનો પણ અભાવ છે.' બ્રિટનમાં, લોકો ઘણીવાર ભારતીય મૂળની શાળાના પ્રિન્સિપાલ કેથરિન બિરબલ સિંઘને 'દેશની સૌથી કડક પ્રિન્સિપાલ' કહે છે. મંગળવારે, તેણે બ્રિટિશ હાઈકોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યુ જેણે ધાર્મિક પ્રાર્થના પરના પ્રતિબંધને યથાવત રાખ્યો છે. એક મુસ્લિમ વિદ્યાથીએ તેને ભેદભાવ પૂર્ણ ગણાવીને કાયદાકીય પડકારની માંગ કરી હતી. વેમ્બલી, ઉત્તર લંડનમાં આવેલી 'સાંપ્રદાયિક' સંસ્થા માઈકેલા સ્કૂલે 'સમાવેશક વાતાવરણ'ને પ્રોત્સાહન આપવા માટે ધાર્મિક પ્રાર્થનાને મંજૂરી આપી ન હતી, એમ ઈન્ડો-ગુયાનીઝ પ્રિન્સિપાલ કેથરિન બિરબલસિંહે કોર્ટને જણાવ્યું હતું. શાળામાં લગભગ અડધા વિદ્યાથીઓ મુસ્લિમ છે. જો કે, મોટી સંખ્યામાં શીખ, હિન્દુ અને ખ્રિસ્તી વિદ્યાથીઓ પણ તેમાં અભ્યાસ કરે છે.કેથરિને કોર્ટને કહ્યું, 'જેમ કે સંચાલક મંડળ વાકેફ છે, શાળા વિવિધ કારણોસર વિદ્યાથીઓને પ્રાર્થના રૂમ પ્રદાન કરતી નથી. પ્રાર્થના ખંડ વિદ્યાથીઓમાં વિભાજનને પ્રોત્સાહન આપશે જે શાળાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

### આ વર્ષે લાંબા ગાળાના સામાન્ય વરસાદની આગાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

અગાઉના વર્ષોમાં ચોમાસાએ દેશના ઘણા ભાગોમાં ખાધ સર્જી હતી. સરેરાશ કરતાં ઓછો વરસાદ થયો હતો, પરંતુ આ વર્ષે ચોમાસું આરામથી બેસી જશે. ઓગસ્ટથી સપ્ટેમ્બર વચ્ચે સમગ્ર દેશમાં ભારે વરસાદ પડશે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના સચિવ એમ. રવિચંદ્રને જણાવ્યું હતું કે હવામાન વિભાગે માહિતી આપી છે કે, આ વર્ષે ચોમાસું સામાન્ય કરતાં વધુ રહેશે. ચોમાસુ લાંબા ગાળાની સરેરાશ (૮૭ સેમી)ના ૧૦૬ ટકા રહેશે તેવી IMDએ આગાહી કરી છે. એમ. રવિચંદ્રને કહ્યું કે, ૧૯૫૧થી ૨૦૨૩ સુધીના ડેટાની તપાસ કર્યા બાદ જોવા મળ્યું છે કે દેશમાં નવ વખત ચોમાસું સામાન્ય રહ્યું છે. આ લા નીનાના પ્રભાવને કારણે છે. ૧૯૭૧ અને ૨૦૨૦ વચ્ચેના ડેટા અનુસાર આ વર્ષે લાંબા ગાળાના સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. જૂનથી સપ્ટેમ્બર વચ્ચે ૧૦૬ ટકા વરસાદ પડશે. ભારતીય હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય મહોપાત્રાએ કહ્યું કે, આ વર્ષે દેશના ૮૦ ટકામાં સરેરાશથી વધુ વરસાદ પડશે. દેશના ૪ રાજ્યોમાં ઓછો વરસાદ પડશે. ગયા વર્ષે અલ નીનાના પ્રભાવને કારણે ઓછો વરસાદ થયો હતો. હવે તેનો પ્રભાવ ઓછો થઈ ગયો છે. અલ નીનાને બદલે હવે પેસિફિક મહાસાગરમાં લા નીના ઈફેક્ટ સર્જાઈ છે. ગત વર્ષે અલ નીનાના કારણે ૮૨૦ મીમી વરસાદ પડ્યો હતો. આ વરસાદ સરેરાશ કરતા ઓછો હતો. દેશમાં સરેરાશ વરસાદ ૮૬૮.૬ મીમી છે. ૨૦૨૩ પહેલા સતત ચાર વર્ષ સામાન્ય વરસાદ હતો. પ્રશાંત મહાસાગરનું તાપમાન ૩૦ થી ૧૮ ડિગ્રી સેલ્સિયસ ઘટી ગયું છે. જેના કારણે અહીંથી ત્યાં સુધી પવન ફૂંકાઈ રહ્યો છે.

### જહાજની માલિકીની કંપનીએ અમને માહિતી આપી હતી

# ઈરાન દ્વારા પકડાયેલા ઈઝરાયેલ જહાજમાં ૧૭ ભારતીયોમાં કેરળની મહિલા પણ હાજર

## ૧૩ એપ્રિલે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા ઈઝરાયેલી જહાજ એમએસસી એરીઝને કબજે કર્યુ હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।



ઈઝરાયેલનું એક જહાજ આ દિવસોમાં ચર્ચામાં છે. આ માલવાહક જહાજ ઈરાન દ્વારા કબજે કરવામાં આવ્યું છે. જહાજમાં કુલ ૨૫ લોકો સવાર છે જેમાંથી ૧૭ ભારતીય છે. હવે સમાચાર આવ્યા છે કે આ ૧૭ ભારતીયોમાં એક મહિલા પણ છે. કેરળની એક મહિલા એન્ટેસા જોસેફના પરિવારનું કહેવું છે કે એન્ટેસા પણ ૧૭ ભારતીયોમાં સામેલ છે, પરંતુ કેરળના મુખ્યમંત્રીએ વિદેશ મંત્રાલયને લખેલા પત્રમાં તેનો કોઈ ઉલ્લેખ નથી.

આ બાબતે મુખ્યમંત્રી કાર્યાલયના એક અધિકારીએ જણાવ્યું કે શરૂઆતમાં જહાજમાં ફસાયેલા ૧૭ ભારતીયોમાં કોઈ મહિલાની હાજરી અંગે કોઈ માહિતી નથી. જેવી અમને ખબર પડી. આ બાબત કેન્દ્ર સરકારના ધ્યાન પર લાવવામાં આવી હતી.તેમણે કહ્યું કે બિન-નિવાસી કેરાલાઈટ્સ અફેર્સ (નોરકા) વિભાગને પણ જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. મહિલાના પિતાનું કહેવું છે કે કેરળના મુખ્યમંત્રીએ વિદેશ મંત્રાલયને લખેલા પત્રમાં તેમની પુત્રીનું નામ ન હોવાને કારણે તેઓ દુખી છે. તેણીને માનસિક અને ભાવનાત્મક રીતે અસર થઈ છે. તમામ ચેનલો અને અખબારોમાં કહેવામાં આવી રહ્યું છે કે આ ૧૭ ભારતીયોમાંથી ત્રણ મલયાલી છે.એન્ટેસાના પિતાનું કહેવું છે કે તેમની પુત્રીની વર્તમાન સ્થિતિ અંગે તેમને રાજ્ય કે કેન્દ્ર સરકાર તરફથી હજુ સુધી કોઈ અપડેટ મળ્યું નથી. તેમણે કહ્યું કે જહાજની માલિકીની કંપનીએ અમને જાણ કરી હતી કે અમારી પુત્રી સુરક્ષિત છે. અમે શુક્રવારે તેની સાથે છેલ્લે વાત કરી હતી.તે રોજ સવારે ફોન કરતી. ઘટનાના દિવસે તેણે અમને ફોન કર્યો ન હતો, તેથી અમે તેને ફોન કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ સંપર્ક થઈ શક્યો ન હતો. તે જ દિવસે બપોરે અમને આ સમગ્ર ઘટના વિશે માહિતી મળી. દરમિયાન ઈરાને કહ્યું છે કે તે ટૂંક સમયમાં જ ભારતીય સરકારી અધિકારીઓને આ ૧૭ ભારતીયોને મળવાની પરવાનગી આપશે.ઈરાન સરકારે આ ભારતીયોની ભારત સરકારના પ્રતિનિધિઓ સાથેની બેઠકને લીલી ઝંડી આપી દીધી છે. ઈરાનના વિદેશ પ્રધાન હોસૈન અમીર-અબ્દુલ્લાહિયાને કહ્યું હતું કે તેહરાન ટૂંક સમયમાં ભારતીય સરકારી અધિકારીઓને MSC Ariess જહાજમાં સવાર ભારતીયોને મળવાની મંજૂરી આપશે.

### સલમાનના ઘરે ફાયરિંગના આરોપીના પિતાએ કહ્યું

# સાગરની સંડોવણી વિશે જાણીને હું ચોંકી ગયો છું...

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।



સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરવા બદલ ધરપકડ કરાયેલા સાગર પાલના પિતા જોગીન્દર શાહે જણાવ્યું હતું કે આ ઘટનામાં તેમના પુત્રની સંડોવણી વિશે જાણીને તેઓ ચોંકી ગયા હતા. તેણે કહ્યું કે મને સોશિયલ મીડિયા પરથી માહિતી મળી છે કે સાગર આ કેસમાં સામેલ છે. હું આનાથી એકદમ આશ્ચર્યચકિત છું. તેણે કહ્યું કે અમને ખબર નથી કે આ કેવી રીતે થયું. તે અગાઉ ક્યારેય કોઈ ગુનામાં સંડોવાયેલ ન હતો.તમને જણાવી દઈએ કે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે રવિવારે સલમાન ખાનના બાંદ્રા ઘરની બહાર ફાયરિંગ કરવાના મામલે ગુજરાતના કચ્છમાંથી બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લાના મહસી ગામના રહેવાસી સાગર પાલ (૨૧) અને વિકી ગુપ્તા (૨૪)ની ધરપકડ કરી છે. પીટીઆઈ અનુસાર, સાગર પાલના પિતા રોજીરોટી મજૂર છે, તેમણે કહ્યું કે તે એક સામાન્ય વ્યક્તિ છે. તે જલંધર (પંજાબ)માં કામ કરતો હતો, તેને ખબર નથી કે સાગર મુંબઈ કેવી રીતે પહોંચ્યો. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, સલમાન ખાનના ઘરની બહાર ૫ રાઉન્ડ ફાયરિંગ કરીને સાગર પાલ અને વિકી ગુપ્તા ભાગી રહ્યા હતા. તેને સોમવારે રાત્રે ગુજરાતના કચ્છ જિલ્લાના એક ગામમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો. પશ્ચિમ ચંપારણના પોલીસ અધિક્ષક ડી અમરેશે જણાવ્યું કે આરોપીના પરિવારના કોઈ સભ્યની ધરપકડ કરવામાં આવી નથી.મળતી માહિતી મુજબ, ધરપકડ પહેલા બંને આરોપીઓએ પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરતી વખતે અને પોલીસથી બચવા માટે અનેક રૂટ બદલી નાખ્યા હતા. આ રીતે બંને આરોપીઓ મુંબઈથી ગુજરાતના ભુજ ભાગી ગયા હતા. પ્રારંભિક પૂછપરછ દરમિયાન, બંને આરોપીઓએ મુંબઈ પોલીસને જણાવ્યું હતું કે ફાયરિંગની ઘટના પછી, તેઓએ માઉન્ટ મેરી ચર્ચ પાસે ટુ-વ્હીલરને ફેંકી દીધું હતું અને બાદમાં બાંદ્રા રેલ્વે સ્ટેશન પહોંચવા માટે ઓટોરિક્ષા લીધી હતી.બાંદ્રા સ્ટેશનથી, આરોપી બોરીવલી જતી લોકલ ટ્રેનમાં ચઢ્યો અને બાંદ્રાથી બીજા સ્ટોપ પર આવેલા સાંતાક્રુઝ રેલ્વે સ્ટેશન પર ઉતર્યો. સાંતાક્રુઝથી તેઓ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે તરફ પગપાળા આગળ વધ્યા. જ્યારે વાકોલાથી આરોપી સુરત તરફ રવાના થયો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે સુરતમાં તેણે પિસ્તોલ તળાવમાં ફેંકી દીધી હતી અને પછી રેલ્વે સ્ટેશન ગયો હતો, પરંતુ ભુજ માટે કોઈ ટ્રેન મળી ન હતી. તેથી, તેણે અમદાવાદ, ગુજરાત પહોંચવા માટે બસ લેવાનું નક્કી કર્યું. અમદાવાદથી ફરી ભુજ જવા બસ પકડી. આરોપીઓ કચ્છના માતા નો માધ ગામમાં એક મંદિરમાં સંતાયા હતા.

### ભારતના લોકોની મુસાફરીની રુચિને લઈને રિપોર્ટ

# ઇસ્લામિક દેશ ભારતના એકલા પ્રવાસીઓમાં સૌથી વધુ લોકપ્રિય

### રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાંથી સોલો ટ્રાવેલર્સમાં યુનાઇટેડ આરબ અમીરાત સૌથી લોકપ્રિય દેશ છે



। (એજન્સી) દુબઈ, તા.૧૭ ।

તાજેતરના એક અહેવાલમાં ખુલાસો થયો છે કે ભારતના એકલા પ્રવાસીઓ, એટલે કે એકલા પ્રવાસે જતા લોકો, ઈસ્લામિક દેશ યુનાઈટેડ આરબ અમીરાત જવાનું સૌથી વધુ પસંદ કરે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાંથી સોલો ટ્રાવેલર્સમાં સૌથી વધુ લોકપ્રિય દેશો યુનાઈટેડ આરબ અમીરાત, ઈજિપ્ત, સિંગાપોર અને વિયેતનામ છે.ઓનલાઈન વિઝા એપ્લિકેશન પ્લેટફોર્મ એક રિપોર્ટમાં જણાવ્યું છે કે ભારતમાંથી લગભગ ૬૫% સોલો ટ્રાવેલર્સે યુનાઈટેડ આરબ અમીરાતવિઝા માટે અરજી કરી છે, ૬૦% સોલો ટ્રાવેલર્સ ઈજિપ્ત, ૪૦% સિંગાપોર અને ૪૫% વિયેતનામ જવાનું પસંદ કરે છે. આ રિપોર્ટ એટલીસ પ્લેટફોર્મ પર આ ઉનાળામાં વિઝા માટે અરજી કરનારા લોકોની વિઝા અરજીઓ પર આધારિત છે. એક મોબાઈલ વિઝા એપ્લિકેશન એપ છે જેના હેઠળ તમે ૧૩૩ થી વધુ દેશો માટે ઈ-વિઝા મેળવી શકો છો.રિપોર્ટમાં ગ્રુપ ટુરની પણ ચર્ચા કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે ગ્રુપ ટૂરની વાત આવે છે, ત્યારે લગભગ ૨૦% વિઝા અરજીઓ યુનાઈટેડ આરબ અમીરાત માટે, ૩૦% ઈજિપ્ત માટે, ૨૫% સિંગાપોર માટે અને ૨૦% વિયેતનામ માટે હતી.રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે વિઝા અરજીના ક્ષેત્રમાં પુરુષોનું વર્ચસ્વ છે. ૭૭% પુરુષોએ યુનાઈટેડ આરબ અમીરાતઅને ૭૧% સિંગાપોર માટે અરજી કરી છે.તે જ સમયે, ૩૦% મહિલા પ્રવાસીઓએ સિંગાપોર વિઝા માટે અને ૨૫% યુએઈ માટે અરજી કરી હતી.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દુબઈ યુનાઈટેડ આરબ અમીરાતબેંગલુરુ, મુંબઈ, દિલ્હી અને હૈદરાબાદના પ્રવાસીઓમાં લોકપ્રિય છે. જ્યારે વિયેતનામ માટે મોટાભાગની વિઝા અરજીઓ બેંગલુરુ, મુંબઈ અને દિલ્હી જેવા શહેરોની હતી.તેમાં કહેવામાં આવ્યું છે કે બેંગલુરુ, મુંબઈ અને દિલ્હીના પ્રવાસીઓએ સિંગાપોર માટે વધુ શોધ કરી હતી અને મુંબઈ, બેંગલુરુ અને દિલ્હીના લોકોએ ઈજિપ્તમાં ઊંડો રસ દાખવ્યો હતો.

### IAFના સૌથી વૃદ્ધ પાયલટનું ૧૦૩ વર્ષની વયે નિધન થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ભારતીય વાયુસેનાના સૌથી વૃદ્ધ અને ભૂતપૂર્વ પાયલટ સ્ક્વોડ્રન લીડર (નિવૃત્ત) દલીપ સિંહ મજીઠિયાનું નિધન થયું છે. તેઓ બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન ભારતીય વાયુસેનામાં જોડાયા હતા. તેમની ઉંમર ૧૦૩ વર્ષની હતી. મંગળવારે વહેલી સવારે ઉત્તરાખંડના રૂદ્રપુરમાં તેમનું અવસાન થયું. તેમના સાથીદારો તેમને પ્રેમથી 'માજી' કહીને બોલાવતા.સ્ક્વોડ્રન લીડર મજીઠિયાનું નિધન એક યુગનો અંત દર્શાવે છે, જે બહાદુરી અને સમર્પણનો વારસો છોડીને જાય છે. શિમલામાં જન્મેલા સ્ક્વોડ્રન લીડર મજીઠિયાની ભારતીય વાયુસેનામાં પ્રવાસ બીજા વિશ્વ યુદ્ધના સંઘર્ષ ભરેલા વર્ષો દરમિયાન શરૂ થયો હતો. ઉડ્ડયન પ્રત્યેના તેમના જુસ્સાને લીધે, તેઓ ૧૯૪૦ માં IAF સ્વયંસેવક અનામતમાં જોડાયા.હવાઈ લડાઈના સૌથી પડકારજનક વર્ષોથી ભરેલી કારકિર્દી દરમિયાન, સ્ક્વોડ્રન લીડર મજીઠિયાએ હરિકેન અને સ્પિટફાયર જેવા એરક્રાફ્ટમાં ૧,૧૦૦ કલાકથી વધુ નેવિગેટિંગ મિશનમાં ઉડાન ભરી હતી.

તેમની અસાધારણ પ્રતિભાએ તેમને લાહોરના વોલ્ટનમાં પ્રારંભિક તાલીમ શાળામાં તેમની તાલીમ દરમિયાન પ્રતિષ્ઠિત 'શ્રેષ્ઠ પાયલટ ટ્રોફી' અપાવી હતી.દલીપ સિંહ મજીઠિયાનો જન્મ ૨૭ જુલાઈ ૧૯૨૦ના રોજ શિમલામાં થયો હતો. તેમણે ૫ ઓગસ્ટ ૧૯૪૦ના રોજ બ્રિટનના બે ટ્રેનર્સ સાથે વોલ્ટન એરફિલ્ડ, લાહોરથી ટાઈગર મોથ એરક્રાફ્ટમાં પ્રથમ વખત ઉડાન ભરી હતી. માત્ર બે અઠવાડિયા પછી, તેણે પ્રથમ વખત એકલા ઉડાન ભરી.

### પાણીને લઈને પત્ર યુદ્ધ શરૂ થયું

# લેફ્ટનન્ટ ગવર્નરે સીએમ કેજરીવાલને લખ્યો ખુલ્લો પત્ર

### સરકારના મંત્રીઓને તેમની ભૂલો માટે અધિકારીઓને જવાબદાર ઠેરવવાની આદત પડી ગઈ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।



દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર અને દિલ્હીના મુખ્યમંત્રી વચ્ચે ફરી એકવાર યુદ્ધ શરૂ થઈ ગયું છે. આ વખતે આ યુદ્ધ દિલ્હીમાં જળ સંકટને લઈને થઈ રહ્યું છે. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ખુલ્લો પત્ર લખીને દિલ્હીમાં પાણીની સમસ્યા માટે તેમની સરકારને જવાબદાર ઠેરવી છે.

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ પોતાના પત્રમાં લખ્યું છે કે સરકારના મંત્રીઓને તેમની ભૂલો માટે અધિકારીઓને જવાબદાર ઠેરવવાની આદત પડી ગઈ છે. લેફ્ટનન્ટ ગવર્નરે કહ્યું કે તેમને ખુલ્લો પત્ર લખવો પડ્યો કારણ કે વર્તમાન સંજોગોમાં તમારી સાથે સીધો સંપર્ક શક્ય નથી.પોતાના ખુલ્લા પત્રમાં દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરે અનેક મીડિયા રિપોર્ટ્સનો પણ ઉલ્લેખ કર્યો છે અને કહ્યું છે કે છેલ્લા ૯ વર્ષમાં રાજધાની દિલ્હીમાં જળ સંકટના કારણે ગુનાહિત ઘટનાઓમાં વધારો થયો છે. પૂર્વ દિલ્હીના ફરશ બજાર વિસ્તારમાં પાણીના વિવાદમાં એક મહિલાની હત્યા કરવામાં આવી હતી. એલજીએ પત્રમાં લખ્યું છે કે પાણીને લઈને આવી ઘટનાઓ પહેલા પણ બની છે. જેના માટે દિલ્હી સરકાર સંપૂર્ણપણે જવાબદાર છે.લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ પોતાના પત્રમાં લખ્યું છે કે આમ આદમી પાટીના મંત્રીઓ દોષની રમત રમે છે. આમ આદમી પાટીએ દિલ્હીના લોકોને મફત પાણી આપવાનો ભ્રમ ઉભો કર્યો. પાણીની તંગી અંગે જળ મંત્રી આતિશીએ અધિકારીઓ પર પાણીનો પૂરતો પુરવઠો ન હોવાનો આરોપ લગાવ્યો હતો. વાસ્તવમાં, જળ મંત્રી આતિશી આતિશીએ અપૂરતા પુરવઠા માટે પોતાની જ સરકારને જવાબદાર ઠેરવી છે. જે ૯ વર્ષથી દિલ્હીમાં સત્તા પર છે.હાલમાં જ પૂર્વ દિલ્હીના વિશ્વાસ નગર વિસ્તારમાં પાણીને લઈને થયેલી લડાઈમાં એક મહિલાનું મોત થયું હતું. આ પછી દિલ્હી સરકારના જળ મંત્રી આદિશીએ લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાને પત્ર લખીને જલ બોર્ડના સીઈઓને હટાવવાની માંગ કરી હતી. આના પર મંચ કરતી વખતે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરને આ પત્ર લખ્યો. દિલ્હી બીજેપી અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ આમ આદમી પાટી પર પ્રહાર કરતા કહ્યું કે દિલ્હીને પાર્ટ ટાઈમ નહીં પરંતુ ફુલ ટાઈમ વોટર મિનિસ્ટરની જરૂર છે. છેલ્લા ૯ વર્ષમાં ૬ મંત્રીઓ બદલાયા પરંતુ એક પણ મંત્રી દિલ્હીની ખરાબ પાણીની સ્થિતિને સુધારી શક્યા નથી.

# ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન (ડીઓટી), ગુજરાત એલએસએ દ્વારા વ્યાપક સુરક્ષા જાગૃતિ અને ઇલેક્ટ્રો મેગ્નેટિક રેડિયેશન (ઇએમઆર) જાગૃતિ સેમિનાર યોજાયો

। અમદાવાદ ।

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન (ડીઓટી), ગુજરાત એલએસએ દ્વારા શ્યામ લાવણ્ય સોસાયટી, અમદાવાદ ખાતે વ્યાપક સુરક્ષા જાગૃતિ અને ઈલેક્ટ્રો મેગ્નેટિક રેડિયેશન (ઈએમઆર) જાગૃતિ સેમિનાર યોજાયો હતો, જેમાં ૬૦ સભ્યોએ ભાગ લીધો હતો, જેનો ઉદ્દેશ આધુનિક ઈન્ટરનેટ યુગમાં સાયબર ફ્રોડની પ્રચલિત મોડસ ઓપરેન્ડી વિશે રહેવાસીઓને શિક્ષિત કરવાનો હતો.

આ કાર્યક્રમમાં મોબાઈલ ફોન, ઈમેઈલ અથવા લેપટોપ દ્વારા સાયબર ગુનેગારો દ્વારા અપનાવવામાં આવતી વિવિધ યુક્તિઓ વિશે જાગૃતિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું અને આ પ્રકારના જોખમો સામે રક્ષણ આપવા માટે મૂલ્યવાન આંતરદષ્ટિ પ્રદાન કરવામાં આવી હતી. સત્ર દરમિયાન, ઉપસ્થિતોને છેતરપિંડી કરનારાઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી સામાન્ય તકનીકો વિશે જાણકારી આપવામાં આવી હતી, જેમાં ફિશિંગ, ઓળખ ચોરી, માલવેર એટેક અને સોશિયલ એન્જિનિયરિંગ કૌભાંડોનો સમાવેશ થાય છે. તદુપરાંત, આ કાર્યક્રમમાં સાયબર ક્રાઈમની તાત્કાલિક જાણ કરવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ઉપસ્થિત લોકોને નેશનલ સાયબર ક્રાઈમ પોર્ટલ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. https://cybercrime.gov.in) અને ૧૯૩૦ હેલ્પલાઈન નંબર, જ્યાં સાયબર ક્રાઈમની ઘટનાઓની સુરક્ષિત રીતે જાણ કરી શકાય છે.

ડિપાર્ટમેન્ટ ઓફ ટેકનોલોજી (ડીઓટી) એ ઉપસ્થિત લોકોને સંચાર સાથી પોર્ટલ વિશે વધુ માહિતી આપી હતી, જે ટેલિકોમ્યુનિકેશન્સ વિભાગ દ્વારા નાગરિક-કેન્દ્રિત પહેલ છે, જેનો ઉદ્દેશ મોબાઈલ ગ્રાહકોને સશક્ત બનાવવાનો અને તેમની સુરક્ષા જાગૃતિ વધારવાનો છે. સંચાર સાથી મોબાઈલ સંદેશાવ્યવહાર અને સરકારની પહેલના વિવિધ પાસાઓ અંગે નાગરિકોને શિક્ષિત અને સશક્ત બનાવવા માટે એક વ્યાપક મંચ તરીકે સેવા આપે છે. આ પોર્ટલ મોબાઈલ વપરાશકર્તાઓની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે રચાયેલ કેટલાંક મોડ્યુલો ધરાવે છે: સીઈઆઈઆર (સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિફિકેશન રજિસ્ટર): સીઈઆઈઆર મોડ્યુલ ખોવાયેલા/ચોરાયેલા મોબાઈલ ઉપકરણને ટ્રેસ કરવાની સુવિધા આપે છે. આ તમામ ટેલિકોમ ઓપરેટર્સના નેટવર્કમાં ખોવાયેલા/ચોરાયેલા મોબાઈલ ઉપકરણોને અવરોધિત કરવાની સુવિધા પણ આપે છે.

લેટેસ્ટ ડેટા મુજબ ગુજરાતમાં સીઈઆઈઆર પ્લેટફોર્મ દ્વારા કુલ ૧૭,૮૫૫ મોબાઈલ ડિવાઈસ સફળતાપૂર્વક બ્લોક થઈ ગયા છે અને ૧,૯૬૨ મોબાઈલ રિકવર થઈ ગયા છે. ટાકોપ: ટી.એ.એફ.સી.ઓ.પી. મોડ્યુલ મોબાઈલ ગ્રાહકને તેના / તેણીના નામમાં લીધેલા મોબાઈલ જોડાણોની સંખ્યા તપાસવાની સુવિધા આપે છે. તે મોબાઈલ કનેક્શન (ઓ) ની જાણ કરવાની પણ સુવિધા આપે છે જે કાં તો જરૂરી નથી અથવા ગ્રાહક દ્વારા લેવામાં આવ્યા નથી. રિપોર્ટ શંકાસ્પદ ફ્રોડ કમ્યુનિકેશન્સ (CHAKSU): ચકશુ નાગરિકોને કોલ, એસએમએસ અથવા વોટ્સએપ દ્વારા પ્રાપ્ત શંકાસ્પદ અથવા અનિચ્છનીય સંદેશાવ્યવહારની જાણ કરવાની સુવિધા આપે છે, જે સાયબર-ક્રાઈમ માટે છે.

સંચાર સાથી પોર્ટલ અને તેના મોડ્યુલો વિશે વધુ માહિતી માટે, કૃપા કરીને મુલાકાત લો https://sancharsaathi.gov.in/. ઈએમઆર જાગરૂકતા કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો હતો જેનો હેતુ સેલ ફોન ટાવર રેડિયેશન વિશે લોકોની ચિંતાઓને દૂર કરવાનો હતો. ઉપસ્થિતોને ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશન (ઈએમઆર)ની આસપાસની સામાન્ય માન્યતાઓ અને ગેરસમજો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. તરંગ સંચાર પોર્ટલને નાગરિકો માટે મોબાઈલ ટાવર રેડિયેશન પરની માહિતી પ્રાપ્ત કરવા અને ઈએમઆર સંબંધિત કોઈ ચિંતા હોય તો ફરિયાદ નોંધાવવા માટેના સંસાધન તરીકે રજૂ કરવામાં આવ્યું હતું. ટેલિકોમ્યુનિકેશન વિભાગ ડિજિટલ સાક્ષરતાને પ્રોત્સાહન આપવા, સાયબર સુરક્ષા જાગૃતિ વધારવા અને નાગરિકોને ડિજિટલ યુગમાં વિકસિત થવા માટેના સાધનો અને જ્ઞાન સાથે સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

**ન્યૂઝ બ્રિફ**

## નડિયાદ હાઈવે પર ભયાનક અકસ્માતમાં ૫ થી વધુના મોત

। (એજન્સી) નડિયાદ, તા.૧૭ ।

નડિયાદ પાસે બપોરનાં સુમારે ટ્રેલરની પાછળ કા ઘૂસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ત્યારે આ અકસ્માતમાં ૫ થી વધુ લોકોનાં મૃત્યું થતા પરિવારજનોમાં રોકકળ મચી જવા પામી હતી. નડિયાદ પાસે ટ્રેલરની પાછળ કાર ઘૂસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર વડોદરાથી અમદાવાદ જઈ રહી હતી. તે સમયે અકસ્માત સર્જાતા ૫ થી વધુ લોકોનાં ઘટનાં સ્થળે જ મોત નિપજ્યા હતા. અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર દુર્ઘટનાં સર્જાતા ફરી એક વખત હાઈવે રક્તરંજીત થવા પામ્યો હતા.

## રિલિફ રોડ પર ભરચક ટ્રાફિક વચ્ચે એમ્બ્યુલન્સ અટવાતા દર્દી કોમામાં જતો રહ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદ જેવા મહાનગરોમાં ટ્રાફિકની સમસ્યા કેટલી વિકરાળ બનતી જાય છે. તેનો નમૂનો રિલિફ રોડ પરની ધનાસુથારની પોળમાં જોવા મળ્યો છે. ભારે ટ્રાફિકના લીધે એક દર્દીનો જીવ જોખમમાં મૂકાયો હતો. મળતી માહિતી પ્રમાણે દર્દી સમીર વ્યાસ ધનાસુથાર પોળ પાસે આવેલા ઝલોરાની પોળમાં રહે છે. પોળ પાસે જ તેઓ દુકાન ચલાવે છે. અચાનક સમીર વ્યાસ ઢળી પડ્યા હતાં. ઘટના બાદ સ્થાનિકો દ્વારા ૧૦૮ બોલાવવામાં આવી હતી. પરંતુ ભારે ટ્રાફિકના લીધે એમ્બ્યુલન્સ પોળ સુધી પહોંચી શકી ન હતી. સ્થાનિકોએ સમયસૂચકતાં વાપરી સમીર વ્યાસને ઝોળીમાં નાખી એમ્બ્યુલન્સ સુધી પહોંચાડ્યા હતા. પરંતુ એમ્બ્યુલન્સમાં મોડું થતાં સમીર વ્યાસ કોમામાં જતાં રહ્યા છે. દર્દીના પરિવારનો આક્ષેપ છે કે, એમ્બ્યુલન્સમાં મોડુ થાવાના લીધે સમીરભાઈની તબિયત વધુ લથડી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આડેધડ પાર્કિગ કરતા લોકોને લીધે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. તેના લીધે નિર્દોષ લોકોને કેટલી તકલીફ પડી શકે તે આ ઘટના પરથી સમજી શકાય છે.

## રખડતા ઢોર પકડતી પાલિકાની ટીમને માર માર્યો

। (એજન્સી) વડોદરા, તા.૧૭ ।

વડોદરા શહેરને રખડતા ઢોર મુક્ત બનાવવા માટે પાલિકાની ટીમ દ્વારા ઢોર પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જ્યાં ટીમ અનેક પડકારો વચ્ચે કામ કરી રહી છે. તાજેતરમાં કામ કરી રહેલી ટીમ પર અજાણા શખ્સો દ્વારા છુટા અને મારામારી નો બનાવ સામે આવ્યો છે. પાલિકાની ટીમ અકોટા પોલીસ મથક વિસ્તારમાં કામગીરી કરી રહી હતી. દરમિયાન અજાણ્યા ત્રણ શખ્સોએ આવીને પાલિકાની ટીમ સાથે ગેરવર્તણુંક કરી હતી. જે બાદ અજાણ્યા શખ્સો દ્વારા છુટ્ટા હાથે મારામારી કરવામાં આવતા મામલો પોલીસ મથક પહોંચ્યો છે. અને પોલીસે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર અકોટા પોલીસ મથકમાં ભવાનીસીંઘ સુરજબીલસિંઘ કનોજીયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે, તા. ૧૬ એપ્રિલના રોજ પાલિકાની ટીમ દ્વારા રખડતા ઢોર પકડવાની કામગીરી કરવામાં આવી હતી.

### અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર ટેન્ક પાછળ કાર ઘુસી ગઈ

# એક્સપ્રેસ વે પર નડિયાદ પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માત ૧૦નાં મોત

### કાર વડોદરાથી અમદાવાદ જઈ રહી હતી, તે સમયે અકસ્માત સર્જાયો હતો મૃતકોમાં ૪ લોકો અમદાવાદના છે, જ્યારે કારનો ડ્રાઇવર રાજસ્થાનનો છે



। (એજન્સી) ખેડા, તા.૧૭ ।

રાજ્યમાં વધુ એક ગોઝારો અકસ્માત સર્જાયો છે. અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે પર નડિયાદ પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માત ૧૦ લોકોનાં મોત થયા છે. ટ્રેલરની પાછળ કાર ઘૂસી જતાં આ ગોઝારો અકસ્માત સર્જાયો હતો. કાર વડોદરાથી અમદાવાદ જઈ રહી હતી, તે સમયે નડિયાદ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મળતી તાજા માહિતી અનુસાર, અર્ટિગા કાર સટલ મારી રહ્યો હતો અને ૧૦ લોકોને કારમાં બેસાડ્યા હતા. મૃતકોમાં ૪ લોકો અમદાવાદના છે, જ્યારે કારનો ડ્રાઈવર રાજસ્થાનનો છે. બાકીના લોકોની ઓળખ હાથ ધરવામાં આવી છે. જે કારને અકસ્માત નડ્યો, તે અમદાવાદ પાસિંગની અર્ટિગા કાર છે. જેનો નંબર ય્ન ૨૭ઈઝ ૨૫૭૮ છે. મળતી માહિતી અનુસાર, આ કાર કિરણ બ્રહ્મભટ્ટના નામે રજીસ્ટર હતી. મૃતકો અમદાવાદ અને વડોદરાના રહેવાસી હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે આ દુખદ ઘટનામાં ૧ મહિલા, ૧ બાળકી અને ૮ પુરુષનાં મોત થયા છે. કારમાં અમદાવાદ-વડોદરાના પરિવાર હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળી રહ્યું છે.

આ અકસ્માત અંગે ખેડા એસપી, રાજેશ ગઢીયાએ જણાવ્યું કે, વડોદરા અમદાવાદ એક્સપ્રેસ વે પર નડિયાદથી પાંચેકકિલોમીટરઆગળઉભેલાટ્રેલર પાછળ એક અર્ટિગા કારનો અકસ્માત થયો હતો. અર્ટિગા કારમાં ૧૦ મુસાફરો હતા. જેમાંથી બે લોકોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બાકીના ૮ લોકોના ઘટનાસ્થળે મત્યુ થયા હતા. આ ખૂબ જ દુખદ ઘટના બની છે. સમાચાર મળતાં જ કલેક્ટર, મેડિકલ ટીમ, નેશનલ હાઈવે ઓથોરિટીની ટીમ, પોલીસ ટીમ અને સ્થાનિક લોકોની મદદથી મુસાફરોને ગાડીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાંથી બે લોકોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં બે લકોના મોત થયા છે. અકસ્માતમાં કુલ ૧૦ લોકોના મોત થાય છે. આ તમામના પરિવારનો સંપર્ક કરાઇ હ્યો છે. જેમાંથી ૪ લોકોની ઓળખ થઈ છે. વહીવટી તંત્ર મદદ કરી રહ્યું છે. બીજી બાજુ, મળતી માહિતી અનુસાર ટ્રેલરમાં ટેક્નિકલ ખામી સર્જાઇ હતી, તેથી તે ઊભું હતું. આ સમયે જ તેની પાછળ કાર પાછળથી ઘૂસી ગઈ હતી. જેમાં ૧૦ લોકો સવાર હતા. આ લોકો વડોદરાથી અમદવાદ જઈ રહ્યા હતા. ટ્રેલર પૂણાથી અમદવાદ આવી રહ્યું હતું. તે દરમિયાન તેમાં ટેક્નિકલ ખામી સર્જાતા તે રસ્તાની બાજુમાં ઊભું હતું. ગાડીની સ્થિતિ જોતાં ગાડીની સ્પીડ ૧૧૦થી વધુ હોવાનું અનુમાન વ્યક્ત કરાઈ રહ્યું છે. ગાડી ૭ સીટર છે અને તેમાં ૧૦ લોકો સવાર હતા. હાલ પોલીસ તંત્ર દ્વારા મૃતકોના પરિવારજનોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે અને આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## પશ્ચિમ રેલવે અમદાવાદ-પટના અને સાબરમતી-ગોરખપુર વચ્ચે વિશેષ ટ્રેન દોડાવશે

। અમદાવાદ, તા.૧૭ ।

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ અમદાવાદ-પટના અને સાબરમતી-ગોરખપુર વચ્ચે વિશેષ ભાડામાં સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે.

**ટ્રેન નંબર ૦૯૪૮૫/૦૯૪૮૬ અમદાવાદ પટના-અમદાવાદ સ્પેશિયલ (કુલ ૨ ટ્રીપ)**

ટ્રેન નંબર ૦૯૪૮૫ અમદાવાદ-પટણા સ્પેશિયલ અમદાવાદથી ગુરુવાર, ૧૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ ૧૬:૩૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨૨:૪૫ કલાકે પટના પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૮૬ પટના-અમદાવાદ સ્પેશિયલ, શનિવાર, ૨૦ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ પટનાથી ૦૧:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૭:૧૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

રૂટ પર બંને દિશામાં, આ ટ્રેન નડિયાદ, છાયાપુરી, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, દમોહ, કટની મુદવારા, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પં. દીન દયાલ ઉપાધ્યાય, બક્સર અને આરા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસ કોચ હશે.

**ટ્રેન નંબર ૦૯૪૮૯/૦૯૪૯૦ સાબરમતી-ગોરખપુર-સાબરમતી સ્પેશિયલ (કુલ ૨ ટ્રીપ)**

ટ્રેન નંબર ૦૯૪૮૯ સાબરમતી-ગોરખપુર સ્પેશિયલ સાબરમતીથી શુક્રવાર, ૧૯ એપ્રિલ ૨૦૨૪ના રોજ ૧૮:૧૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨૩:૦૦ કલાકે ગોરખપુર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૯૦ ગોરખપુર-સાબરમતી સ્પેશિયલ ગોરખપુરથી રવિવાર, ૨૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ૦૨:૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૬:૩૦ કલાકે સાબરમતી પહોંચશે.

રૂટ પર બંને દિશામાં, આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, ફુલેરા, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, અછનેરા, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, અયોધ્યા, માનકાપુર અને બસ્તી સ્ટેશનો પર ઉભી રહેશે. ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસ કોચ હશે.

**ફાયર બ્રિગેડ દ્વારા કેનાલમાં શોધખોળ**

## ટ્રેક્ટરે કાબૂ ગુમાવતા ખેડૂત દંપતી નર્મદા કેનાલમાં ખાબક્યું

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૭ ।

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણના ખેરાળી ગામ પાસે ટ્રેક્ટર નર્મતા કેનાલમાં ખાબકતા ખેડૂત દંપતી ડૂબી ગયું હતું. ફાયર બ્રિગેડ દ્વારા કેનાલમાં ડૂબેલા દંપતીની શોધ કરવામાં આવી હતી, પરંતુ તેનો કોઈ પતો લાગ્યો ન હતો. ટ્રેક્ટર ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રેક્ટર નર્મદા કેનાલમાં ખાબક્યું હોવાનું કહેવાય છે. સુરેન્દ્રનગરના ખેરાળી ગામે રહેતા ખેડૂત બાબુભાઈ કમેજળીયા અને તેમની પત્ની અનસૂયાબેન ખેતી કરી પરત ફરી રહ્યા હતા તે સમયે ખેરાળી ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પાસે ટ્રેક્ટર ચાલક ખેડૂતે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રેક્ટર કેનાલમાં ખાબક્યું હતું. આ મામલે સરપંચ સહિતના આગેવાનો તેમજ પાલિકાની ફાયર ફાઈટર ટીમ સહિતને જાણ કરતા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કેનાલમાં ડૂબેલા દંપતીની શોધખોળ હાથ ધરી હતી. આ ઘટનાની જાણ થતાં આસપાસથી પસાર થતાં વાહનચાલકો સહિત અનેક લોકો ઉમટી પડ્યા હતા. પાલિકાની ટીમ દ્વારા આખી રોત શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ દંપતીનો કોઈ પત્તો જ લાગ્યો ન હતો. આના પગલે આખા ખેરાળી ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

## થરા નગરમાં રામ નવમીની ઉત્સાહ ઉમંગભેર ઉજવણી


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૧૭ ।

ચૈત્ર સુદ નવમી એટલે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીની જન્મ દિવસ જે રામ નવમી તરીકે દેશભરમાં આનંદ ઉત્સાહ ઉમંગભેર ઉજવવામાં આવેલ. કાંકરેજ તાલુકાના થરા નગરમાં જુના ગામતળમાં આવેલ રામજી મંદિર ખાતે સવારે ભજન સત્સંગ બાદ બપોરે બારના ટકોરે રામ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. જનમોત્સવ નિમિતે થરા જલારામ મંદિરમાં સવારે નવ વાગે ભજન રાખેલાં ફરાળ પ્રસાદ પણ રાખેલ. બપોરે ત્રણ વાગ્યે રામજી મંદિરથી વર્ષોની પરંપરા મુજબ ભવ્ય શોભાયાત્રા નીકળી જે ચાચર ચોક, જૈન દેરાસર, દરબાર ગઢ, તેરવાડીયા વાસ થઈ જાહેર માર્ગ પર ફરી નીજ મંદિરે આવેલ

શ્રી રામ જન્મ મહોત્સવ પાઠ અને રામ રાજ્ય અભિષેક પાઠ કરવામાં આવેલ. પંજરીનો પ્રસાદ વહેંચાયો જે આરોગ્યપ્રદ હોય છે. સ્વામી નારાયણ સંપ્રદાયના અનુયાયીઓએ પુ. ઘનશ્યામ મહારાજનો જન્મ દિવસ ઉજવ્યો હતો.

### ગોંડલના રામોદ ગામમાં યોજાયા અનોખા લગ્ન

## વર-વધુએ કાળા કપડાં પહેરી સ્મશાનમાં ઊંધા ફેરા લીધા

। (એજન્સી) ગોંડલ, તા.૧૭ ।

ગોંડલના રામોદ ગામમાં અનોખા લગ્ન યોજાયા છે. જ્યાં દુલ્હન અને વરરાજા કાળા કપડામાં સજ્જ થયા હતા.આ લગ્ન કોઈ મહેલ હોલ કે દરિયા કિનારે નહીં પરંતુ સ્મશાન યોજવામાં આવ્યા છે. વર-વધુએ સ્મશાનમાં ફેરા લીધા હતા. જાનૈયાઓ પણ કાળા કપડા પહેરીને આવ્યા હતા. જાનૈયાને ઉતારો પણ સ્મશાનમાં અપાયો હતો. આવા અનોખા લગ્નનું આયોજન કરીને રામોદના રાઠોડ પરિવારે સમાજમાં વ્યાપેલી અંધશ્રદ્ધાને દૂર કરવા કર્યા હતા.

રામોદ ગામની દીકરી પાયલ રાઠોડ અને જયેશ સરવૈયાના આ અનોખા લગ્ન પાછળની સ્ટોરી જોઈએ તો વર અને વધુના પરિવારે નક્કી કર્યું કે આપણે એવી રીતે લગ્નનું આયોજન કરીએ કે જેનાથી સમાજમાં કોઈ સારો સંદેશ જાય. આ અનોખા લગ્નમાં વર-વધૂએ પણ કાળા પરિધાન પહેર્યા છે.કોઈ ચોઘડિયા કે મુહૂર્ત જોયા વગર ઊંધા ફેરા ફરીને વર-વધુ લગ્નના બંધનથી જોડાયા. વર-વધુએ લગ્ન મંડપમાં સપ્તપદીના બદલે બંધારણનાં સોગંદ લીધા. મૂહૂર્ત, ચોઘડિયા, વસ્ત્રનો રંગ અને વર્ષોથી ચાલી આવતી પરંપરાને તિલાંજલિ આપી.

વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા લોકોએ આ વિવાહને આવકાર્યા છે. વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યા પણ આ લગ્નમાં ઉપસ્થિત રહ્યા. તેમણે કહ્યું કે અંધશ્રદ્ધા નાબૂદ કરવા માટે આ લગ્ન એક ઉદાહરણરૂપ છે. લોકોએ વૈજ્ઞાનિક અભિગમ કેળવવો જોઈએ. કાળી વસ્તુ અશુભ છે, લગ્ન તો મુહૂર્તમાં જ થાય આ બધી ઉપજાવેલી વાતો છે. મુર્હુત-ચોઘડીયા માનવીએ બનાવેલ છે.

### શાળાઓમાં છ મેથી ૯ જુન સુધી વેકેશન રહેશે

## ગુજરાતની સ્કૂલોમાં હવે વેકેશનની જાહેરાત કરાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

ઉનાળાના પ્રારંભની સાથે ગુજરાતની સ્કૂલોમાં ૩૪ દિવસના વેકેશનનો પ્રારંભ થઈ ગયો છે. પ્રાથમિક શાળાઓમાં છ મેથી ૯ જુન સુધી વેકેશન રહેશે. આ વખતે પ્રાઈમરી શાળાના વિદ્યાર્થીઓને ૩૫ દિવસનું વેકેશન મળશે. પ્રાથમિક શાળાઓમાં પરીક્ષા પૂરી થયા પછી વેકેશનની જાહેરાત કરવામાં આવી છે. બાળકો હંમેશા વેકેશન માણવા ઉત્સુક હોય છે. શિક્ષણ નિયામકની કચેરી ૨૨૦ દિવસ અભ્યાસ કરવા અને તે મુજબ રજાઓનું આયોજન કરવા સૂચના આપતી હોય છે. આને ધ્યાનમાં રાખીને ૩૫ દિવસનું વેકેશન આપવામાં આવ્યું છે. આ જ વેકેશન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ લાગુ પડે છે. આમ પ્રાથમિક શાળાઓમાં નવું સત્ર ૧૦મી જુનથી શરૂ થશે. ઉનાળાના વેકેશનના પગલે પ્રાથમિક સ્કૂલોમાં વાર્ષિક પરીક્ષાઓનું પરિણામ ક્યારે આવશે તે અંગેની કોઈ તારીખ જાહેર કરવામાં આવી નથી.

## મોદીના પોસ્ટર ઉતરાવવા ક્ષત્રિય સમાજે ચૂંટણી પંચમાં નોંધાવી ફરિયાદ

। (એજન્સી) રાજકોટ, તા.૧૭ ।

રાજકોટમાં ભાજપે બેનરો લગાવતા ક્ષત્રિય સમાજ દ્વારા આચારસંહિતા ભંગની ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી છે. ક્ષત્રિય સમાજનો આક્ષેપ છે કે મુદ્રક અને પ્રકાશકનું નામ જાહેર કર્યા વગર બેનર લગાવવામાં આવ્યા છે. ચૂંટણીમાં રાજકીય પક્ષો પોતાના પ્રચાર માટે બેનરો લગાવતા હોય છે. ત્યારે રાજકોટમાં ભાજપે બેનરો લગાવતા ક્ષત્રિય સમાજ દ્વારા આચારસંહિતા ભંગની ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી છે. ક્ષત્રિય સમાજનો આક્ષેપ છે કે મુદ્રક અને પ્રકાશકનું નામ જાહેર કર્યા વગર બેનર, હોર્ડિંગ, પોસ્ટર લગાવવામાં આવ્યા છે. આ સાથે જ કહ્યું હોર્ડિંગની પૂર્વ મંજૂરી લેવામાં આવી નથી. તંત્ર ભાજપના ઈશારે કામ કરતું હોવાનો આક્ષેપ ક્ષત્રિય સમાજે કર્યો છે. બીજી તરફ અમદાવાદમાં મળેલી ક્ષત્રિય સમાજની બેઠકમાં ક્ષત્રિય આગેવાન પી.ટી. જાડેજાએ કહ્યું હતુ કે ક્ષત્રિય સમાજની એક જ માગણી છે.

## આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો ભવ્ય રોડ શો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ગાંધીનગર લોકસભા મત ક્ષેત્રના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર હાલના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ તારીખ ૧૯ ગાંધીનગર ખાતે બપોરે ૧૨:૩૯ ઉમેદવારી પત્ર ભરશે, તે પૂર્વે આવતીકાલે તારીખ ૧૮મી એ તેમના મતવિસ્તારમાં સમાવિષ્ટ થતી વિધાનસભા બેઠક સાણંદ, કલોલ, સાબરમતી, ઘાટલોડીયા નારણપુરા, વેજલપુર વિધાનસભા વિસ્તારમાં ભવ્યાતી ભવ્ય વિજય શંખનાદ રોડ શો સાથે જંગી જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલના રોડ શોને લઈને કેન્દ્રીય મંત્રી અમિત શાહ આજે સાંજે જ અમદાવાદ આવી ગયા છે. આવતીકાલે અમિત શાહના છ સ્થળોએ રોડ શોનું આયોજન છે. તેને સફળ બનાવવા ભારતીય જનતા પાર્ટી દ્વારા પૂરજોશથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવે છે, ગુરુવારે સવારે આઠ કલાકે સાણંદમાં ઘોડાગાડી રિક્ષા સ્ટેન્ડ થી રોડ શોની શરૂઆત થશે. જ્યારે સાણંદ નળ સરોવર ચોકડી પર સમાપન થશે. કલોલમાં સવારે ૯:૩૦ કલાકે જેપીગેટ થી રોડ શો શરૂ થશે, જ્યારે ટાવર ચોકમાં સમાપન થશે. સાબરમતીમાં બપોરે ત્રણ કલાકે રામજી મંદિર રોડથી સરદાર પટેલ રોડનુ પ્રસ્થાન થશે, જ્યારે ચાંદલોડિયા રોડ પર સમાપન થશે. ઘાટલોડિયામાં સાંજે ૪:૩૦ કલાકે રોડ શો ચાંદલોડિયા રોડ ઉમિયા હોલ જંકશનથી પ્રસ્થાન થશે. સાંજે ૫:૩૦ કલાકે નારણપુરા માં રંગ્ના પાર્કથી ક્રિષ્ના ડેરી સુધીના રોડ શોનું આયોજન છે.




## રાંદર ગોગા ચોકમાંથી ડુપ્લિકેટ ઘી ઝડપાયું છે

। (એજન્સી) સુરત,તા.૧૭ ।

સુરતમાં ફરી એકવાર આરોગ્યખાતુ ત્રાટક્યું છે. સુરતમાં ઘીના નમૂના ફેલ ગયા છે. રાંદર ગોગા ચોકમાંથી ડુપ્લિકેટ ઘી ઝડપાયું છે. ઘીના જથ્થાના સેમ્પલ સબસ્ટાન્ડર્ડ આવ્યા છે. ઓરિજિનલ ઘીમાં ભેળસેળ કરવામાં આવતી હતી. ઓઈલ, હળદર અને કેમિકલ મિક્સ કરતા હતા. લેબના રિપોર્ટમાં તેના અંગે ચોંકાવનારો ખુલાસો થયો છે. આ કિસ્સામાં રાજેશ પટેલ નામની વ્યક્તિની ધરપકડ કરવામાં આવીછે. મનપા હવે જવાબદારો સામે એડજ્યુડીકેટિંગ ઓફિસર સમક્ષ ફરિયાદ કરશે. આમ ગુજરાતમાં ખાદ્ય પદાર્થોમાં બનાવટ હવે નવાઈ જ રહી નથી. આ પ્રકારની બનાવટના લીધે લોકોના આરોગ્ય પર વિપરીત અસર પડે છે. આમ છતાં પણ બનાવટ કરનારા અચકતા નથી. રાજ્યના આરોગ્ય તંત્રએ તેના અંગે નિર્ણય લેવો રહ્યો. આ પ્રકારના મિલાવટખોરોને એટલી કડક સજા કરવી જોઈએ કે બીજા લોકો તેમ કરવા ન પ્રેરાય.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨